'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'નાં ૬૮ ગ્રંથોમાંથી ઉદ્ધૃત કરેલ
મૈત્ર્યાદિ ૪ ભાવના અને સહજમલ-તથાભવ્યત્વની અનુપ્રેક્ષાઓનો સંપૂટ

# પરમ ભદ્રંકર મૈત્રી અને પરોપકાર

|| ૬ ||




પ. પૂ. પંન્યાસ શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય

સંકલન : પંન્યાસ વજસેનવિજય ❋ આચાર્ય હેમપ્રભસૂરિ

પરમ પૂજ્ય સકલાગમરહસ્યવેદી

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય દાનસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કર્મસાહિત્ય નિષ્ણાંત

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય પ્રેમસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કલિકાલકલ્પતરૂ

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય અધ્યાત્મયોગી

**પંન્યાસપ્રવરશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય**

॥ श्री शिवंकराय भद्रंकराय नमोनमः ॥

પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજા



मयि तद्रुपं सोऽहं ।
પરમાત્માનું રૂપ મારામાં છે અને તે જ હું છું.

આગમન : સંવત ૧૯૫૯ ને માગશર સુદ ત્રીજ (ઇ.સ.૧૯૦૨)
ઉર્ધ્વગમન : સવંત ૨૦૩૬ ને વૈશાખ સુદ ચૌદસ (ઇ.સ.૧૯૮૦)

શ્રી શત્રુંજયા આદિનાથાય નમઃ



શ્રી ગીરનારજી નેમીનાથાય નમઃ



શ્રી શંખેશ્વરા પાર્શ્વનાથાય નમઃ





**આ QR Code ઉપર મોબાઈલથી સ્કેન કરતાં જ આપને 'હસ્તાક્ષર થીમ સૉંગ' સાંભળવા મળશે.**

'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'નાં ૬૮ ગ્રંથોમાંથી ઉદ્ધૃત કરેલ
મૈત્ર્યાદિ ૪ ભાવના અને સહજમલ-તથાભવ્યત્વની અનુપ્રેક્ષાઓનો સંપૂટ

# પરમ ભદ્રંકર મૈત્રી અને પરોપકાર

|| ૬ ||

મૈત્રી • પ્રમોદ • કરૂણા • માધ્યસ્થ્ય
સહજમલ • તથાભવ્યત્વ

પ. પૂ. પંન્યાસ શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય
સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય ❋ આચાર્ય હેમપ્રભસૂરિ

**PARAM BHADRANKAR MAITRI ANE PAROPKAR**

Personal Diaries comprising of Divine thoughts regarding Maitri, Promod, Karuna, Madhystha, Sahajmal and Tathabhvyatv by Panyashshri Bhadrankar Vijayji Maharaj.

---

**VOLUME - 6 / 9**

Year 2023 • સંવત્ ૨૦૭૯ • 1000 Copies / 120 Pages • For Private Circulation only.

---

**PUBLISHER**

© Shri Bhadrankar Gyandeepak Public Charitable Trust

Mumbai / Vadodara / Rajkot

team@mindfiesta.com

---

**SPONSOR**

Shri C. K. Mehta
Vadodra | Mumbai

---

**ENHANCED & DESIGNED BY**

Bharti Deepak Mehta
Fiesta Studios
Pattani Bldg., M.G.Road, Rajkot - 1.
bharti@mindfiesta.com
+91 98252 15500

**eBOOKS AVAILABLE AT**

- www.bhadrankar.com
- www.navkarday.com
- Amazon Kindle
- Telegram : HastaksharNuAkshayPatra




આપણને જ્ઞાની ભગવંતોએ ફરમાવેલ કેટલાક પદાર્થો ખૂબ જ સારી રીતે મગજમાં બેસી ગયેલા છે, જેમકે: આપણને કોઈ હેરાન-પરેશાન કરે કે અશાતા-અશાંતિમાં નિમિત્ત બને, ત્યારે આપણે સમજણના કારણે કહીશું કે:'ના... તેઓ કંઈ નથી કરતા, એ તો નિમિત્તમાત્ર છે. ખરી રીતે મને હેરાન કરનાર તો મારા પોતાના ઉપાર્જિત કર્મો છે.'


૧૪૪૪ મહાન ગ્રંથોના રચયિતા પરમ પૂજ્ય યાકિનીમહત્તરાસુનૂ આચાર્યદેવ શ્રીમદ્વિજય હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાની જેમ પૂ.દાદા ગુરૂમહારાજે એક એવો પદાર્થ આપ્યો કે: 'સામેની વ્યક્તિને નિમિત્ત માનવાથી એ આત્મા પ્રત્યે પણ આંશિક દુર્ભાવની શક્યતા રહે છે. મારા બાંધેલા કર્મ માટે મારો અભિગમ-મારો સહજમલ જ નિમિત્ત હોય છે, જે સામેની વ્યક્તિને જબરદસ્તીથી દબાણ કરીને મારી પોતાની વિરૂદ્ધ વર્તન કરાવે છે.' આ વિશિષ્ટ પદાર્થનું ચિંતન કરીને આ જ વાત સેંકડો આત્માઓને સંભળાવી, જેથી ઘણાં પુન્યાત્માઓના હૃદયમાં રહેલ અભાવ દૂર થયો છે, તેથી આ ભાગ પણ સૌના આત્મિક અને દૈનિક ચિંતનાર્થે જરૂરથી મહાઉપકારક - મહાઉપયોગી બની રહેશે.

**આ ભાગમાં પાનાં ક્રમ ૯૬ પછી સહજમલનો વણખેડાયેલો વિષય પણ લેવાયો છે, તેનો સંપૂર્ણ યશ વડોદરા-મુંબઈના સુશ્રાવકરત્ન સી.કે.મહેતાની જબ્બર ગુરૂભક્તિ સાથેની અપ્રતિમ ઉદારતા તેમ જ સાહેબજીના ચિંતનોમય બનેલા રાજકોટના અમારા સુશ્રાવિકા ભારતીબેન દિપકભાઈ મહેતાની ભક્તિપૂર્વકની મહેનતને ફાળે જાય છે.**

આ. મનમોહનસૂરિ

હેમપ્રભ વિ.

# જીવમૈત્રી રૂપી ધાગામાં મંત્રને પરોવીને કરીએ જાપ...



સિરોહી તીર્થે શાશ્વતી ઓળીનો હતો એકદા એ પાવક સમય, જ્યારે પૌષધ વ્રત લઈ પૂજ્ય ગુરૂમહારાજની નિશ્રામાં બપોરના સમયની અંગ દઝાડતી ગરમીમાં અમો સહુ ઉપાશ્રયે તેઓની પરિસર બેસી એક કાને તેમની શીતળ અધ્યાત્મરસભર વ્યાખ્યાનવાણી સુણી રહ્યાં હતાં. બહુ સરસ વાત કરેલી તેઓએ ત્યારે કે: ''પુસ્તકો પાસે ન હોય તો આંગળીનાં વેઢાં તો છે જ ને? જપયોગમાં સ્થિર થાઓ અને મંત્રના શબ્દોને જીવમૈત્રી રૂપી ધાગામાં પરોવીને પછી જાપ કરો અને પછી જૂઓ કે નાભિમાંથી કેવો તો અનરાધાર આનંદ ફૂટે છે! બસ, એ આનંદ જ છે તમારા જાપની ફળશ્રુતિ! પ્રભુનો અપ્રતિમ ઉપકાર છે કે 'શિવમસ્તુ સર્વજગત:'ની ભાવના સાથે કોઈપણ અનુષ્ઠાન કરીએ, તો તેનું ફળ તે આજ આજ ભાઈ! અત્યારે જ આપી દે છે!''

ખરી વાત છે સાહેબજી! જેમ લોટાણા તીર્થે આજે ય પ્રભુ વીરની જીવિત પ્રતિમામાંથી મોટાભાઈ નંદિવર્ધનનાં ભાવોની સ્પર્શના થાય છે, તેમ આપની આ રોજનીશીઓમાં આકારાયેલી તીર્થંકર સમી 'સવિ જીવ કરૂં શાસનરસી'ની તમારી ભાવના અમને આજ આજ ભાઈ! અત્યારે ય સ્પર્શે છે, તેનું ઋણ કઈ રીતે ચૂકવશું? એ માટે ઉત્રાૃર્ણ થવા સદા તત્પર... એવા અમારા સર્વેની આપના ચૈતન્યગુણોને ત્રિકાળ વંદના!

વડોદરા/મુંબઈ/પૂના

સી. કે. મહેતા

ધર્મના મુખ્ય બે અંગ છે: જીવમૈત્રી અને આત્મજ્ઞાન.

જીવમૈત્રીથી જીવો પ્રત્યે દ્વેષની લાગણી નિર્મૂળ થાય છે, આત્મજ્ઞાનથી આત્માનું અજ્ઞાન અને તે રૂપ મિથ્યાત્વનો અંધકાર નિર્મૂળ થાય. બંને અંગો મળીને મુક્તિમાર્ગ બને.

પ્રેમ તથા કરૂણા બાદ તાજગી આવે, શક્તિ વધે છે, જ્યારે ક્રોધ કર્યા બાદ આપણે થાકી જઈએ છીએ.

કરૂણાવાન કદી થાકતો જ નથી, ક્રોધી થાકેલો જ જીવે છે.

ક્રોધ એક પ્રકારનું નાનું મૃત્યુ જ છે.

ક્રોધ અને ઘૃણાથી કંપતા શરીરમાંથી મગજમાંથી નીકળતાં ઊર્જાગુચ્છો જેવા જ ઊર્જાગુચ્છો નીકળે છે.

પ્રેમ અને કરૂણામય શરીરના વિરાટ ઊર્જાપુંજોમાંથી ઊર્જાગુચ્છકો નીકળી આપણામાં પ્રવેશ કરવા લાગે છે.

યદ્યપિ મૈત્રીભાવના સર્વ વિષે છે, તો પણ પ્રવૃત્તિને અનુકૂળ મૈત્રીભાવના અપુનર્બંધકાદિ આશ્રિત કરી છે. જેનાથી કોઈ જીવનો તિરસ્કાર નથી કરતાં પણ હાર્દિક સત્કાર કરે છે, જેના ઉપકારોની કોઈ સીમા નથી.

મનની પ્રસન્નતા અને સ્થિરતાને વિકસાવનાર
પ્રભુમાં રહેલ મૈત્રી અને કરુણાને વારંવાર વંદન.

ભાવવિશુદ્ધિ જીવમૈત્રી અને પુદ્ગલવૈરાગ્યરૂપ છે.
દાન - શીલ - તપ અને ભાવ એ મૂર્છા ઉતારવા માટે છે,
જ્ઞાન - દર્શન - ચારિત્ર એ જીવમૈત્રી કેળવવા માટે છે.
કરુણા = દુઃખીને મદદ કરવી, તેમના દુઃખે દુઃખી થવું.

## પ્રમોદભાવનાનું માહાત્મ્ય

મૈત્રી - પ્રમોદ - કરુણા અને માધ્યસ્થ્ય ભાવનામાં
પ્રમોદ ભાવનાથી હૃદય વિશાળ, ઉદાર અને ઉદાત્ત બને છે.
સૂર્યનો અરુણ ઉદય થતાં ચોરો પલાયન કરી જાય છે
અને જેમ કમળો વિકસ્વર બને છે,
તેમ મનુષ્યના મનમાં પ્રમોદભાવ ઉત્પન્ન થતાં જ
અઢાર જાતના પાપરૂપી ચોરો પલાયન કરી જાય છે,
મનુષ્યના હૃદયરૂપી કમળો વિકસવા લાગે છે,
વિષય - કષાયો રૂપી સર્વ અશુદ્ધિઓ દૂર થાય છે
અને દયા - ક્ષમાભાવ સાથે ચિત્તની વિશુદ્ધિ પ્રગટે છે.

ધર્મધ્યાનની સિદ્ધિ મૈત્ર્યાદિ ચાર ભાવના વડે થાય છે:

મૈત્રીભાવ એટલે સકલ જીવોને મિત્ર માનવાની વૃત્તિ,
પ્રમોદ એટલે બીજાની ઉન્નતિ જોઈ આનંદ પામવાની વૃત્તિ,
કારુણ્ય એટલે દીન-દુઃખીને જોઈને અનુકંપાની વૃત્તિ અને
માધ્યસ્થ્ય એટલે વિપરીત માનસ ધરાવનારાઓ પ્રત્યે,

નિઃશંકપણે ક્રૂર કર્મ કરનારાઓ પ્રત્યે તથા
દેવ તથા ગુરૂના નિંદકો પ્રત્યે ઉપરાંત સ્વોત્કર્ષ-પરાપકર્ષમાં જ રાચનાર જીવો પ્રત્યે ન રાગ, ન દ્વેષ કરતાં ઉદાસીન ભાવને ધારણ કરવો, તેમનો તિરસ્કાર કે અનુમોદન ન કરતાં મધ્યસ્થ રહેવું, તે માધ્યસ્થ્ય.

આ ચારે ભાવનાઓનો સંક્ષેપ મૈત્રીભાવનામાં છે.
જ્યાં મિત્રતાની ભાવના નથી, ત્યાં ન પ્રમોદ ઉપજી શકે,
ન કરૂણા સ્ફૂરે કે ન મધ્યસ્થભાવ અનુભવી શકાય.

મૈત્રીભાવનું મૂળ = જેવો હું તેવા બીજા, જેમ મને સુખ પ્રિય અને દુઃખ અપ્રિય છે, તેમ સર્વને પણ છે,
તેમ અન્ય સર્વ જીવોને માટે પણ સમજવું.

સામ, સમ અને સમ્મ કરીને

દર્શન, જ્ઞાન, ચારિત્ર કરીને - બંને સમાનાર્થક છે.

અહિંસા, સંયમ અને તપ તેનાં કાર્ય છે,

મૈત્રી, માધ્યસ્થ્ય, કરુણા અને પ્રમોદ તેની ભાવનાઓ છે.

સામ = મૈત્રી, સમ = માધ્યસ્થ્ય,

સમ્મ = કરુણા અને પ્રમોદ.

હું કોઈનો વેરી નહિ અને કોઈ મારો દુશ્મન નહિ,
કેવળ કર્મ એજ મારો અને સૌ કોઈનો દુશ્મન છે
અને ધર્મ એજ મારો અને સૌ કોઈનો મિત્ર છે,
મારાં સુખ-દુઃખ એ મારાં જ કર્મનાં ફળ છે!
એ શ્રદ્ધા વડે સૌ કોઈ સુખ પામો, ન્યાયી બનો
અને કલ્યાણના માર્ગને અનુસરો, એ મૈત્રીભાવ છે.
મૈત્રીભાવથી ક્ષમા વિકસે છે, નમ્રતા આવે છે, સરળતા
પ્રાપ્ત થાય છે અને સંતોષને પણ અનુભવી શકાય છે.
ક્રોધાદિ કષાયો આ ભાવના ઉપર નિર્બળ થઈ જાય છે.
તેને કોઈ જાતનું દુઃખ, ચિંતા કે ભય હોતાં નહિ.

## ચાર ભાવના થકી સમન્વયભાવ

સર્વ જીવો પ્રત્યે ઉત્કૃષ્ટ મૈત્રીથી અપાયાપગમાતિશય પ્રકટે છે. સર્વ પ્રત્યે હિતચિંતાનો ભાવ પ્રકૃષ્ટ બનવાથી જગત તરફથી કોઈ અપાયો આવતાં નથી. પ્રમોદભાવથી પૂજાતિશય પ્રકટે છે. પૂજકતા જ પૂજ્યતાનું કારણ છે. કરુણાભાવથી વચનાતિશય અને માધ્યસ્થ્યભાવથી જ્ઞાનાતિશય પ્રકટે છે. માધ્યસ્થ્યભાવમાં મુખ્ય કામ જ્ઞાનદશા કરે છે, તેનાથી જ સમન્વયભાવ આવે છે. અભ્યાસ મૈત્ર્યાદિનો - વૈરાગ્ય પરપૌદ્ગલિક પદાર્થોનો.

ધર્મની અસંખ્ય આરાધનાઓ છે, તેમાં સૌથી મોટી કઈ?

અહિંસા, કરુણા અને પ્રેમની આરાધના.

દેવ-ગુરુના માધ્યમ વડે જીવ જીવ વચ્ચેનું અંતર ભાંગીને સૌને એક પ્રેમની સાંકળથી જોડી શકાય છે, તેથી ભક્તિ એ મુખ્ય છે અને મૈત્રી એ તેનું ફળ છે. મધ્યસ્થ આત્મા સદા સ્વરૂપમાં જ રહે, તેથી પૂજ્ય છે. મધ્યસ્થ પુરુષ આત્મિક ઐક્યની આરાધના કરી શકે છે.

# ઉપશમભાવ એ મહાશસ્ત્ર છે.

ઉપશમ = મૈત્રી દ્વારા દ્વેષનો અભાવ - પરિણામવિશુદ્ધિ.

Imp આરાધક આત્માઓમાં જે અંશમાં
મૈત્રી અને ક્ષમાગુણ છે, તે અંશમાં સાધુત્વ.
પ્રમોદ અને નમ્રતાગુણ છે, તે અંશમાં ઉપાધ્યાયત્વ.
કરુણા અને સરળતાગુણ છે, તે અંશમાં આચાર્યત્વ.
માધ્યસ્થ્ય અને સંતોષગુણ છે, તે અંશમાં સિદ્ધત્વ
અને એ ચારે છે, તે અંશમાં અરિહંતત્વ છે.

કષાયોને જીત્યા તે જિન, જીતે તે જૈન.

જીવો પ્રત્યે મૈત્ર્યાદિ ૪ કષાયો આપોઆપ જાય છે.

કષાયો ચાર છે અને ઇંદ્રિયો પાંચ છે.

કષાયોને જીતવા માટેના ઉપાયભૂત ભાવ પણ ચાર છે:
મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ્ય.

ઇંદ્રિયો પાંચ છે, તેને જીતવાના ઉપાય મૈત્ર્યાદિ ચાર ભાવથી યુક્ત એવા પાંચ પરમેષ્ઠિઓનું ધ્યાન છે.

દ્વેષમાં મૈત્રીનું સ્થાન આપનાર વિદ્યા, તે આત્મવિદ્યા છે.

મૈત્ર્યાદિ ભાવના એ શુદ્ધ ભાવના છે,

દેહવાસના, લોકવાસના, શાસ્ત્રવાસના એ મલિન વાસના છે.

મૈત્રી આત્મૌપમ્ય દૃષ્ટિ છે.

મૈત્રીમાં કોઈ ઊંચ - નીચપણું હોય નહીં.

વ્યક્તિ પોતાને સમષ્ટિના એક અંગરૂપ માને.

જીવ આરાધનાની ભાવનાથી તીર્થંકર પદે પહોંચે છે,
તેનું કારણ આત્મદૃષ્ટિ - આત્મૌપમ્યભાવ - સમભાવ છે.
સર્વ જીવોમાં તથા કર્મકૃત ઔદયિકભાવોમાં સમભાવ,
ક્ષય - ક્ષયોપશમ કૃત આત્મભાવોમાં સમભાવ તથા
સ્વભાવ, વિભાવ, આત્મભાવોમાં સમભાવ રાખવો, એ
ઉચ્ચમાં ઉચ્ચ સ્થિતિએ પહોંચવા માટે પરમ આવશ્યક છે.

આત્મદૃષ્ટિએ સર્વ જીવો સમાન છે.

આત્મપ્રદેશો સંકુચિત - વિકસિત થાય છે, પરન્તુ તેમાં
એક પણ પ્રદેશ ઓછો ઘટતો નથી, તેમ વધતો પણ નથી.

દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી કે ભાવથી -
સર્વ જીવો સમાન છે તથા બસ, એજ મૈત્રીભાવ છે.

સાચો ધર્મ તે જ છે કે જે
મૈત્રી, કરુણા અને સ્નેહની પ્રેરણા આપે.

દયા - દાન, વ્રત - નિયમ, ત્યાગ - તપસ્યા, સાધુભક્તિ -
જિનપૂજાદિ શ્રાવક અને સાધુનાં દિનકૃત્યો છે.
તે ઉપરાંત ઉદારતા, સહિષ્ણુતા, સ્વાધ્યાય,
પરોપકાર, મૈત્રી વગેરે અસંખ્ય સાધનો છે.
મૈત્ર્યાદિ ભાવ સંયુક્ત વર્તન છે. આત્મૌપમ્યની ભાવના
જૈનધર્મનું હાર્દ અને આત્મસ્થિતિ પ્રાપ્ત કરવાનો માર્ગ છે.
માનવમાં રહેલી ચેતનશક્તિ અને
વિરાટ વિશ્વનું નિયમન કરતી ચેતનશક્તિ એક જ છે.
આ ચેતનશક્તિની અનુભૂતિ થાય, ત્યારે
સમસ્ત પ્રાણી સાથે એકતા સધાય.
ત્યાં સ્વાર્થ, લોભ કે કોઈ વાસના - કષાય રહેતાં નથી,
કિન્તુ મૈત્રી, કરુણા, પ્રેમ જ વહે છે. તે પરિણામે
પાપીને પસ્તાવો કરતો કરી દેવો, એ પુણ્ય જ છે.
દયા, મૈત્રી, અહિંસા એ જ મોટામાં મોટું સાધન છે.

## મૈત્રીગ્રહણથી સ્વને જ લાભ

મૈત્રી બીજાને ગ્રહણ કરે, તો ત્યાં
એ ગ્રહણ કરનારનાં દિલમાં શુભભાવ પ્રગટ થાય છે.
તે શુભભાવ એને પોતાને લાભ કરે છે.
સૌના પર નિષ્કારણ કરુણામય પ્રેમ જેનો સ્વભાવ છે,
જેના પ્રેમને માટે શત્રુતા અને મિત્રતાના ભેદ અસત્ છે,
એવા સતત પ્રેમમય ગુરુ મળે,
તો જ 'ગુરુઆણાએ ધમ્મો !' એ સૂત્ર ચરિતાર્થ બને.
આત્મા અને પરમાત્માના પ્રેમસંબંધને ઉખેળનારા બળો
જ્યારે સત્તાધીશ બને, ત્યારે સ્થિતિ કરુણામય બને.
પરમ પ્રેમમય પરમાત્મચેતનાનું અવતરણ થતાં જ
સમગ્ર પૃથ્વી ઉપર સમત્વ - મૈત્ર્યાદિ ભાવના પમરી
ઉઠે છે અને જીવોમાં પરસ્પર પ્રેમનું પ્રાગટ્ય થાય છે.
ધ્યાન તથા સ્વાધ્યાય - એ બન્નેની પૂર્તિ માટે
મૈત્ર્યાદિ સક્રિય ભાવનાઓ, એ દ્વારા પ્રાપ્ત થતો
પરમાત્માનુગ્રહ - એ આરાધનાનાં વિશિષ્ટ અંગો છે.

## મોક્ષ રૂપી શાસનનો સાર - મૈત્રી

મૈત્ર્યાદિ ભાવનાઓ અભેદ નમ્ર બને છે અને
નમસ્કારનો ભાવ પણ અભેદ દૃષ્ટિને પોષે છે, તેથી
નમસ્કાર પણ સમ્યગ્દર્શન ગુણનો જ એક પ્રકાર છે.
સત્ત્વને સકલ પ્રમાણથી પ્રતિષ્ઠિત કરવાની શક્તિ
ઉત્પન્ન થાય, તે માટે સતત પુરુષાર્થ થવો જોઈએ.
દુઃખી - અશાંત વિશ્વમાં આજે એક શાંતિનું કિરણ છે;
એથી કરુણા કરમાઈ જતાં અટકશે નહિ.
શાસનનાં મૂળભૂત તત્ત્વો પ્રકાશમાં આવશે.
કર્મ ઉપર શત્રુભાવ અને સર્વ જીવો ઉપર
મિત્રભાવ કેળવવાથી કર્મચેતનાનો વિલય થાય છે.
જીવોનું જીવત્વ પ્રચ્છન્ન શિવત્વ છે.
તેની સાથે અભેદભાવથી મૈત્રી કેળવવી,
તે સમતાની પ્રાપ્તિનો પરમ અને પ્રધાન ઉપાય છે.
અચિંત્યતા ઉપરના ધ્યાનથી તત્ત્વબોધ - મૈત્રી, મુદિતા
આદિ કુશળ ભાવનાઓના ધ્યાને સમાધિ સુલભ બને.

'પરમાર્થ' એટલે સ્વાભાવિક પરોપકાર.

'પરોપકાર' એટલે અહંકાર વગરનો પરમાર્થ.

અપકાર કરવાથી સ્વ અને પર વચ્ચે અંતર વધે છે,
ઉપકાર કરવાથી સ્વ અને પર વચ્ચેનું અંતર ઘટે છે.
આ અંતરમાં ઘટ-વધ ઘટ-વધ થાય છે. જ્યાં સુધી
એક જીવ પ્રત્યે પણ દ્વેષ કે ઘૃણા ભાવ રહેલ હોય,
ત્યાં સુધી આત્માનો મોક્ષ થઈ શકતો જ નથી.
માટે સર્વ જીવોના હિતની ચિંતા અને
રક્ષણનો પ્રયત્ન કરવામાં સ્વાત્મ હિત સમાયેલું છે.

પરોપકાર - પરપીડાવર્જન, લોકવિરુદ્ધનો ત્યાગ,
ભવસ્વરૂપની ભાવના, ગુણાનુરાગી તથા
નિર્ગુણીમાં માધ્યસ્થ્ય રાખવું, તે શ્રાવકના કર્તવ્ય છે.

કર્તવ્યના બોધથી સાથે કષાય જાય છે,
મૈત્રી તથા પરાર્થભાવ પ્રગટે છે, સ્વાર્થભાવ જાય છે,
શક્તિ સધાય છે અને પરમાનંદનો અનુભવ થાય છે.
સહાયક એટલે જીવમાત્ર પ્રત્યે અનુકંપા, કરુણા.

## મૈત્રીગુણ અંગીકારકને થતાં ૧૦ લાભ

(૧) સુખે ઊંઘે. (૨) સુખે જાગે. (૩) કદી દુઃસ્વપ્ન ન આવે.
(૪) સર્વને પ્રિય બને. (૫) ભૂત - પ્રેત ન પીડે.
(૬) સર્વ દેવો પણ મૈત્રીગુણવાળાનું રક્ષણ કરે.
(૭) અગ્નિ, વિષ, શસ્ત્રાદિ અસર ન કરે.
(૮) ચિત્તનું ત્વરિતપણે સમાધાન થાય.
(૯) મુખકાંતિ વધે - મનમાં પ્રસન્નતા થાય.
(૧૦) સમાધિ મરણ અને બ્રહ્મદેવલોકની પ્રાપ્તિ થાય.

વિજ્ઞાન અપરાવિદ્યા છે, જ્યારે અધ્યાત્મ પરાવિદ્યા છે. અધ્યાત્મ વિનાનું વિજ્ઞાન એ પાયા વિનાનો મહેલ છે. મૈત્રીગુણ વિકસાવવા માટે પણ અધ્યાત્મ જરૂરી છે. પ્રેમ પ્રેમને પોષે છે અને મૈત્રી મૈત્રીને આકર્ષે છે. 'મૈત્ર્યાદિ ભાવો જે હું મારા પ્રત્યે ઇચ્છા કરું છું, તે સર્વ પ્રત્યે ઇચ્છા કરું અને મૈત્ર્યાદિ ભાવો જે હું બીજા પાસે ઇચ્છું છું, તે બીજા સર્વ પ્રત્યે ઇચ્છા કરું' એ ન્યાયબુદ્ધિ છે, સમત્વ છે, એ જ મોક્ષનો માર્ગ છે.

# મન - વચન - કાયા દ્વારા શું થઈ શકે ?

માનવમન દ્વારા મૈત્રી - પ્રમોદ - કારુણ્ય - માધ્યસ્થ્ય,
દેવ - ગુરુ - ધર્મ - સંઘ - સાધર્મિકની પ્રીતિ - બહુમાન
શુભ ચિન્તન, શુભ અધ્યવસાયાદિ થઈ શકે,
ભક્તિ, બહુમાન, અનુમોદનાદિ સાધી શકાય તથા
ધર્મપ્રવૃત્તિ, ધર્મવાણી, ધર્મવિચારો સેવી શકાય.

માનવવાણી વડે શાસ્ત્રસ્વાધ્યાય, જ્ઞાનારાધના, નામ સ્મરણ, ગુણસ્તવન, હિત - મિત - પથ્યવચન થઈ શકે, અન્ય પ્રકારે ધર્મોપદેશાદિ મહાન ઉપકાર સાધી શકાય.

જે કાયા વડે અધર્મ અને દુરાચાર રૂપી
ધૂળ, કીચડ, કાદવ અને પથરા મળે, તેને જ સદુપાયથી હીરાં - માણેક - મોતીરૂપે ધર્મ કમાવામાં કેળવી શકાય છે. એટલે તે કાયા દ્વારા પ્રભુભક્તિ, જીવદયા, પરોપકાર, અહિંસા, સાધુસેવા, વ્રત - નિયમનું પાલન ઉપરાંત ચારિત્રની સાધના - તપની સાધના વગેરે થઈ શકે છે.

માનવકાયાથી શક્ય છે આત્મસાક્ષાત્કાર.

આને પણ મિથ્યાત્વ કહેવાય...

ઉપકારીના ઉપકારને અવગણવા અને
ગુણ - ગુણી પ્રત્યે પ્રમોદને બદલે માધ્યસ્થ્ય કે
દીન - દુઃખી પ્રત્યે કરુણાને બદલે માધ્યસ્થ્ય દર્શાવવું
વગેરે સર્વ એક રીતે તો મિથ્યાત્વના જ પ્રકારો છે.

દુર્લભો વિષયત્યાગો, દુર્લભં હરિદર્શનમ્ ।
દુર્લભા સહજાવસ્થા, સદ્ગુરોઃ કરુણાં વિના ॥ અર્થાત્:
વિષયનો ત્યાગ, પ્રભુનું દર્શન અને સહજ અવસ્થા -
ત્રણે સદ્ગુરુ ભગવંતની કરુણા વિના દુર્લભ છે.

સાધુસેવાથી સુકૃતનો સ્નેહ વધે છે,
જિનપૂજાથી દુષ્કૃત ઉપર દ્વેષ કેળવાય છે તથા
શરણાગમનથી દુન્યવી પદાર્થો ઉપરનું મમત્વ ભાગે છે.
જીવને અનાદિકાળથી સુકૃતનો કંટાળો, દુષ્કૃતનો પ્રેમ
અને સંસારી પદાર્થો પ્રત્યે મારાપણાંની બુદ્ધિ છે,
તેનાથી અર્થાત્ મારાપણાંની એ બુદ્ધિથી છૂટવાનો ઉપાય
સાધુસેવા, જિનપૂજા, અરિહંતાદિમાં મારાપણાંની બુદ્ધિ છે.

મૈત્રીભાવનામાં બુદ્ધિ અને પરોપકારમાં ચિત્ત હોય,
તે કરુણાવંત આત્મા છે.
મૈત્રી, બીજું રૂપ અહિંસા, ત્રીજું રૂપ સમતા અને
સમતા એ જ ઉત્કૃષ્ટ ધર્મ છે.
પંચશીલવાન બની જે અષ્ટાંગ યોગનું સાધન કરે,
તે દુઃખથી મુક્ત થઈ નિર્વાણને પામે છે.
નિર્વાણ પામવા પહેલાં બ્રહ્મવિહાર પર ભાર મૂક્યો છે,
તે મૈત્રી - કરુણા - મુદિતાસ્વરૂપ જ છે.
'સર્વ પદાર્થ સમધર્મા છે'
એ વિચાર માધ્યસ્થ્ય - વૈરાગ્યભાવ વિકસાવે છે તથા
'સર્વ જીવો સમધર્મા છે'
એ વિચાર મૈત્રી, પ્રમોદ, કારુણ્યને વિકસાવે છે.
ત્રિપદીના જ્ઞાનથી મિથ્યાત્વમોહ ટળે છે.
જીવનની સજાતીયતાનું જ્ઞાન ચારિત્રમોહનું નિવારણ
કરીને સજાતીય જીવતત્ત્વ પ્રત્યે સમત્વભાવયુક્ત વર્તન
કરાવે છે અને તે મૈત્ર્યાદિ ભાવ સંયુક્ત હોય છે.

## જગતની જીત માટે પહેલું મૈત્રીની આરાધના

મૈત્રી સર્જાવતી પ્રીતલા।

પૃથ્વીને સ્વર્ગ બનાવવા હોય, તો મૈત્રીની આરાધના કરો.

મૈત્રીભાવે પંચ સ્નેહથી સહેલાઈથી ચાલે છે.

સર્વત્ર પોતાનું સ્વરૂપ જોવું, એ એક મોટી શક્તિ છે.

'મને પ્રભુએ જેટલું આપ્યું છે, તેટલું બસ છે'

એવું જે સમજે છે, તે શ્રીમંત છે અને

જેને પ્રભુએ આપેલું ઓછું લાગે છે, તે દરિદ્ર છે.

## જૈન ધર્મનો સાર - સાધનાનો પ્રાણ શું?

'નાના - મોટાં બધા જીવો મારા મિત્ર છે,

મારે કોઈની સાથે વૈર કે વિરોધ નથી.'

આ સમતા જૈન ધર્મનો સાર છે, સાધનાનો પ્રાણ છે.

સમતાને સાધો અને મોક્ષને મેળવો.

પ્રથમ જીવો પ્રત્યેનો દ્વેષ મૈત્રીભાવથી જાય છે, પછી પુદ્ગલ પ્રત્યેનો રાગ વૈરાગ્યથી જાય છે અને મનની અશુદ્ધિ શરણાગમન - આત્મતત્ત્વલીન થવાથી જાય છે.

શ્રી જૈન સંઘમાં મૈત્રી, મુદિતા, કરુણા અને ઉપેક્ષા-
ઓ ભાવ લાવો જ્યાં સુધી પ્રતિષ્ઠિત ન થાય,
ત્યાં સુધી ગમે તેટલાં સમાધાનો કરવામાં આવે,
તો પણ તે સંપૂર્ણ સમાધિ લાવવા અસમર્થ જ છે.
સર્વના સુખની અને હિતની ઇચ્છા એ મૈત્રીરૂપ છે.
એનાથી જ ગુણાધિક પ્રત્યે પ્રમોદ, દુઃખાધિક પ્રત્યે
કરુણા અને પાપાધિક પ્રત્યે માધ્યસ્થ્ય જન્મી શકે છે.

દૃષ્ટિમાં કારુણ્ય, મુખ ઉપર પ્રસન્નતા,
વક્ષસ્થળમાં વાત્સલ્ય, કરમાં સામર્થ્ય - એ રીતે
ગુણિનો સમુચ્ચય ધ્યાન પ્રક્રિયા માટે બહુ સમર્થ છે.
આજ્ઞાવિચયાદિ ધ્યાનો ધ્યાનની અભ્યાસક્રિયા રૂપ છે.
અનિત્યત્વ વગેરે ભાવનાઓ પણ તે અભ્યાસનો
અભ્યાસ છે અને મૈત્ર્યાદિ ભાવનાઓ તે બધાનું
મૂળ છે, તેથી શ્રી જૈન સંઘની ઉન્નતિ માટે આત્માના
તત્ત્વનું દર્શન અને સ્પર્શન કરાવનાર ધ્યાનાભ્યાસની
ક્રિયાને જ સાધનામાં ધ્યેયરૂપ બનાવવાની જરૂર છે.

આ જિનોક્ત ધર્મનો પાયો 'ભૂતમૈત્રી' છે.

નામજપથી ચિત્તશુદ્ધિ થાય છે, તે માટે ક્ષમાપના - નિઃસ્વાર્થ પ્રેમ તથા મૈત્ર્યાદિ ભાવના છે.

'મિત્તી મે સવ્વ ભૂએસુ !'ના પાયા ઉપર મુક્તિમાર્ગના અસંખ્ય યોગો ટકી રહ્યાં છે.

અસંખ્ય યોગોમાં કોઈપણ યોગ એવો નથી કે જેના પાયામાં જીવમૈત્રી ન હોય, છતાં મોક્ષનું કારણ બની શકે.

અહિંસામય આચરણનો પાયો આત્મૌપમ્યની ભાવના યા સહાનુભૂતિભરી સંવેદનશીલતા કે કરુણાનો ભાવ છે. બીજાના સુખ માટે અને બીજાનું દુઃખ દૂર કરવા માટે પોતાના તન - મન - ધનનો સદુપયોગ કરવો અને એમ કરીને અવશ્યપણે રાજી થવું. કરુણાની ભાવના અંતરની કોમળતા અને સુકુમારતામાંથી પ્રગટે છે. કોમળતાવાળો બીજાનું દુઃખ જોઈ જ ન શકે અને એ દુઃખ દૂર કરવાનો પ્રયત્ન કર્યા વગર એના હૃદયને શાંતિ જ ન થાય. એનું જ નામ ધાર્મિકતા ગણાય.

સમ્યગ્દર્શન - જ્ઞાન - ચારિત્ર મળીને મોક્ષમાર્ગ બને છે.
પ્રથમ ભયનો વિચાર મૈત્રીભાવ જગાડે છે,
પછી કર્મનો વિચાર માધ્યસ્થ - કરુણાભાવ અને
પછી ધર્મનો વિચાર એ પ્રમોદભાવને જગાડે છે.
ધર્મ એ આત્માનો સ્વભાવ છે અને આત્માનો સ્વભાવ
દર્શન - જ્ઞાન - ચારિત્રગુણ છે, ચિન્મયતા છે.
પ્રમોદ વડે પુણ્ય વધે છે, કરુણા વડે પાપ ઘટે છે
તથા મૈત્રી અને માધ્યસ્થ વડે મોક્ષ મળે છે.
મૈત્રી એ ધર્મનો કષ છે, પ્રમોદ એ છેદ છે,
કરુણા એ તાપ છે અને માધ્યસ્થ એ તાડન છે.
કષ વડે ધર્મરૂપી સુવર્ણની મૈત્રી થાય છે,
છેદ વડે ધર્મરૂપી સુવર્ણ ઉપર પ્રમોદ થાય છે,
તાપ વડે ધર્મરૂપી સુવર્ણ માટે કારુણ્યભાવ થાય છે,
તાડન વડે ધર્મરૂપી સુવર્ણ પર માધ્યસ્થભાવ થાય છે!
એ ચારે ચાર પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલો ધર્મ
આત્મકંચન જેવો નિર્મળ અને શુદ્ધ ગણાય છે.

મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ્ય - એ સર્વ તીર્થંકરોની યોગસાધના છે અને તેના ફળરૂપે અપાયાપગમાતિશય, પૂજાતિશય, વચનાતિશય, જ્ઞાનાતિશય - એ ચારે અતિશયોની પ્રાપ્તિ તે યોગસિદ્ધિ છે.

શ્રી વીતરાગ સ્તોત્ર - પ્રકાશ ૩ના અંતિમ શ્લોકમાં કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી ફરમાવે છે કે:

મૈત્રી પવિત્ર પાત્રાય, મુદિતા મોદશાલિને ।
કૃપોપેક્ષાપ્રતીક્ષાય, તુભ્યં યોગાત્મને નમઃ ॥૧॥

અર્થ: મૈત્રીના પવિત્ર પાત્ર, મુદિતા વડે મોદશાલિ
તથા કૃપા અને માધ્યસ્થ્ય વડે પૂજ્ય -
એવા યોગસ્વરૂપ આપને મારો નમસ્કાર હો.

બધા ધર્મોએ જીવનના સુખનો પાયો
સદ્વર્તનને જ માન્યો અને ઉપદેશ્યો છે.

સદ્વર્તનના પાયા: દયા, ક્ષમા, કરુણા, મૈત્રી, ત્યાગ.

બૌદ્ધ ધર્મમાં દુઃખમુક્તિ અને સુખપ્રાપ્તિનો માર્ગ
અહિંસા અને કરુણા જ બતાવ્યો છે.

## ચરમાવર્ત જીવની પાત્રતાના લક્ષણો

કૃતજ્ઞતા ગુણનું પાલન, દુઃખી જીવો ઉપર અત્યંત દયા, ગુણવાન ઉપર અદ્વેષ તથા જગતના સર્વ જીવો સાથે ઔચિત્યનું પાલન - એ પાત્રતાના મુખ્ય લક્ષણો છે.

## પંચ પરમેષ્ઠિ અને ચાર ભાવના

(૧) સર્વ જીવોના આઠ રૂચક પ્રદેશો નિત્ય ઉઘાડા છે, તે સંતોષભાવને દર્શાવે છે. --- સાધુપદ

(૨) સર્વ સંસારી જીવોના અન્ય પ્રદેશો, જે આઠ પ્રકારના કર્મના આવરણ નીચે છે, તે માધ્યસ્થભાવને દર્શાવે છે. --- સિદ્ધપદ

(3) સર્વ સિદ્ધ પરમાત્માઓના સર્વ આત્મપ્રદેશો નિરાવરણ થયેલાં છે, તે પ્રમોદભાવને દર્શાવે છે. --- ઉપાધ્યાયપદ

(૪) નિગોદના અનંતાનંત જીવો અનંતકાળથી અનંત અનંત પીડાઓને અનુભવી રહ્યાં છે, તે કરૂણાભાવને દર્શાવે છે. --- આચાર્યપદ

(૫) 'અર્હં' પદ ત્રિભુવનપૂજ્યતાને દર્શાવે છે, તે પ્રમોદભાવનું પ્રતીક છે. પ્રમોદભાવ - અહોભાવ - વિસ્મયભાવ અભિવ્યક્ત છે. મુક્તિ, મુક્તિમાર્ગ અને મુક્તિમાર્ગ પ્રસ્થિતનું ધ્યાન વિસ્મય, પુલક અને પ્રમોદભાવ વિકસાવવાને થાય, તો તે ભાવઅનુષ્ઠાનને અમૃતાનુષ્ઠાન બનાવી અજરામર પદની પ્રાપ્તિ કરાવે છે. --- અરિહંત પદ પ્રમોદભાવથી ગુણાધિકતા ઉપરાંત પૂજ્યતા પ્રાપ્ત થાય. પ્રમોદ માટે સિદ્ધને તથા કરુણા માટે નિગોદને જુઓ. મૈત્રી માટે ૮ રુચક પ્રદેશોને જુઓ. માધ્યસ્થ્ય માટે ૮ સિવાયના પ્રદેશો જે આવરણ નીચે છે, તેને વિચારો. મૈત્રીથી સાધુતા, પ્રમોદથી પાઠક પદ અને કરુણાથી દેશકગુણ વિકસે. માધ્યસ્થ્ય એ ઔદાસિન્યને વિકસાવી કુવિકલ્પને કાપે છે અને સિદ્ધપદની પ્રાપ્તિ કરાવે છે. અરિહંતમાં ચારે ભાવ પરાકાષ્ઠાને પામેલા છે, તેના ફળરૂપે અપાયાપગમાદિ ૪ અતિશયોના સ્વામી બની ૪ ગતિના જીવોને પંચમી ગતિના માલિક બનાવે છે.

ચિત્તશુદ્ધિ = ચિત્તવિશુદ્ધિ, તેનો ઉપાય છે શુભ ભાવ.
ભાવ એટલે ભક્તિઆદિ યુક્ત ચિત્ત એજ વિશુદ્ધિ છે.
જિનભક્તિ અને અનુકંપા વડે તે પ્રાપ્ત થાય છે.

રાગ વૈરાગ્યથી અને દ્વેષ મૈત્રીથી જિતાય છે.

ધર્મવિચાર એટલે ઈશ્વરમાર્ગ. ઉપેક્ષા એટલે અવગણના.

કરુણા એટલે દયા, અનુકંપા, સહાનુભૂતિ.

માતાની જેમ મૈત્રી - પ્રેમ - સ્નેહ - હેત કરવું જોઈએ.
સામાની વેદનાનો અનુભવ જ પોતાનો અનુભવ બનાવવો.
અન્યોની જોડે તાદાત્મ્ય સાધી પોતે તે જ બની જાય,
તે અનુકંપા છે. અનુ = પશ્ચાત્, કંપ = સ્પંદિત થવું.

મૈત્ર્યાદિ ભાવો એ ધર્મધ્યાનનાં અંગ છે અને
ક્ષાન્ત્યાદિ ધર્મો એ શુક્લધ્યાનનાં અંગ છે.

ભગવાનની આજ્ઞાનો હૂંકાર

ગુરુલાઘવ વિચાર અને મૈત્ર્યાદિનું સંવેદન છે.
મૈત્રી વડે ક્રોધાદિ વ્યાધિરૂપી દુઃખક્ષય અને
ધ્યાન વડે કર્મક્ષય અને તપ વડે બોધિલાભ છે.

## જીવત્વનું રક્ષણ શેનાથી ?

મૈત્ર્યાદિ અને જ્ઞાનાદિ ભાવ દ્વારા
ત્રિલોક અને ત્રિકાળવ્યાપી જીવત્વનું રક્ષણ થાય છે,
જેનાથી અહિંસા - સંયમ - તપધર્મની ઉત્પત્તિ થાય છે.
અહિંસાધર્મના પ્રભુ મૈત્ર્યાદિ ભાવો છે અને
સંયમ - તપધર્મના પ્રભુ જ્ઞાનાદિ ભાવો છે.
સામાન્યથી ત્રિકાળવ્યાપી પોતાના આત્માનો બોધ થયાં
પછી આત્મત્વજાતિથી વ્યાપ્ત આત્મતત્ત્વનું ભાન
મૈત્રી, પ્રમોદ, કારુણ્ય, માધ્યસ્થ્યભાવ વડે
સ્વ અને પરની સુરક્ષા કરે છે.
સામાન્યથી ચૈતન્ય એ જીવનો ગુણ છે તથા સહભાવી
રહી પર્યાય છે. તેની રક્ષા મૈત્રી વગેરે ભાવોથી છે.
ધર્મમાં મૈત્ર્યાદિ ભાવનાઓ પ્રાણ છે અને
મૈત્ર્યાદિની પરાકાષ્ઠા જ મુક્તિ છે.
એ રીતે ધર્મનું પ્રાણ અને મૂળ મૈત્ર્યાદિ ભાવો છે.
ધર્મમાં મૈત્રી તથા કરુણા ભાવના કેળવવા તરફ ભાર છે.

૪ ભાવના અને શરીરના ઉપરના પાંચ ચક્રો

નાભિચક્રથી હૃદયચક્ર ઉપર જવાય છે અને
તેથી મૈત્રી, કરુણા આદિ ભાવનાઓ પ્રગટે છે.
હૃદયચક્રથી આજ્ઞાચક્ર ઉપર જવાથી કરુણાશક્તિ
આજ્ઞા અથવા આદેશમાં રૂપાન્તરિત થાય છે અને
તેથી કરુણા સહજ સ્ફુરિત બને છે.
હૃદય અને વિશુદ્ધિચક્રમાં જવાથી 'અહં-મમ' ભાવ છૂટે છે.
તેથી ઉપર ઉપરના ચક્રોમાં અનુક્રમે
કોમળતા, કરુણા, સમતાદિ ભાવો સ્ફુરે છે.

મનનું બ્રહ્મસ્વરૂપ એટલે...

મૈત્રી, મુદિતા, કરુણા અને ઉપેક્ષાસ્વરૂપ છે.
જેમજેમ રાગ-દ્વેષ ઓછાં થતાં જાય છે, તેમ તેમ
મૈત્રી આદિના નિર્મળ તરંગો પ્રકટ થતાં જાય છે
અને સંકુચિત મનને વિશાળ બનાવે છે.
અરિહંત પ્રભુને સર્વ જીવો કે પદાર્થોનો કદી પણ
દ્રોહ ન ચિંતવવારૂપ મૈત્રીભાવ કાયમ રહે.

મૈત્રી પહેલાં અદ્વેષ - વિરાગ પહેલાં મંદરાગ સાધવો.

પુદ્ગલનો રાગ અને જીવો પ્રત્યે દ્વેષ સતત ચાલુ છે, તેને બદલવા માટે અનેક ભવો સુધી પુદ્ગલ પ્રત્યે વિરાગ અને જીવો પ્રત્યે મૈત્રીનો અભ્યાસ આપણા જીવનમાં સતત ચાલુ રહે, તો જ પલટો આવી શકે.

તે અભ્યાસ માટે જેઓ વિરક્ત હોય અને મૈત્રીસંપન્ન હોય, તેમની ઉપાસના, સેવા, શુશ્રુષા અને જે જીવોમાં તે ગુણો ન હોય, તેમના પ્રત્યે કરુણા યા માધ્યસ્થ્ય કેળવાય, તો જ તે કાર્ય શક્ય બની શકે.

ઉપાસનાથી દયા - grace મળે અને
કરુણાથી દુવા - શુભેચ્છા - goodwill મળે છે.

મોક્ષ ઈચ્છનાર દરેક જીવે કોનું હિત ચિન્તવવું ?

આત્મ અને ત્રિભુવનના જીવોનું પણ હિત ચિન્તવવું.

ટૂંકમાં જગમાત્ર સાથે મૈત્રી સાધવાની છે.

ઉચિત વ્યવહારનું પાલન એટલે...

મૈત્રી, પ્રમોદ, કારુણ્ય, માધ્યસ્થ્યપૂર્વકનું યથાયોગ્ય વર્તન.

'मैत्र्यादिभावसंयुक्तं तद्धर्म इति कीर्त्यते ।'

ધર્મના લક્ષણમાં મૈત્ર્યાદિ ભાવોની અનિવાર્યતા
ઉચિત વ્યવહારના પાલન માટે જ છે.

લોકો ઉપર કરુણાની દૃષ્ટિ પણ
જીવનનો બાહ્ય વ્યવહાર શુદ્ધ રાખવો જોઈએ, કેમકે
લોક ભાવનાપ્રધાન અને અનુકરણશીલ પ્રાણી છે.

મૈત્ર્યાદિ ભાવો સમ્યગ્દર્શનના લિંગ અને
અનિત્યત્વાદિ વિચારણાઓ સમ્યગ્જ્ઞાનનાં ચિહ્ન છે.
અહિંસા એ મૈત્ર્યાદિ ભાવોનું ફળ છે, કેમકે સમ્યક્ત્વ
વિરતિને તે ખેંચી લાવે છે. જ્ઞાનનું ફળ સંયમ-તપ છે.

## મોક્ષનો ચતુરંગ માર્ગ

મૈત્રી એ સમ્યગ્દર્શન, વૈરાગ્ય એ સમ્યગ્જ્ઞાન,
પરવસ્તુનો ત્યાગ એ સમ્યક્ચારિત્ર તથા
સ્વવસ્તુમાં સ્થૈર્ય એ તપ, મોક્ષનો આ ચતુરંગ માર્ગ છે.
મોક્ષ માટે પ્રથમ શરત રાગ-દ્વેષમાં હેયબુદ્ધિ અને
વૈરાગ્ય-મૈત્રીમાં ઉપાદેયબુદ્ધિ થવી જોઈએ.

મૈત્રી એટલે સર્વ જીવો પ્રત્યે
આત્મીયતાનું સંવેદન ને સ્વનો સર્વમાં સમાવેશ.

અનુભૂતિનું લક્ષણ ને કાર્ય છે જડ પ્રત્યે વૈરાગ્ય,
જીવ પ્રત્યે મૈત્રી, ભોગમાં રોગ - યોગમાં મોક્ષબુદ્ધિ.

ભગવાનના સિદ્ધાંતોને યથાશક્તિ જીવનમાં ઉતારી,
તેને સાચવીને ભાવિ પેઢીને વારસામાં આપતાં જઈએ,
તો ઉજવણી સાચી રીતે ઉજવ્યાનો સંતોષ લેવાય.
ઉજવણીના પ્રકાર ગમે તે હોય, પરન્તુ ઉજવણીનો
આત્મા તો કેવળ મૈત્રી તથા કરુણા જ બની શકે.

હાસ્ય, રતિ અને કામ એ રાગમોહનીયનો ઉદય છે,
અરતિ, ભય અને શોક એ દ્વેષમોહનીયનો ઉદય છે.
તે સર્વનો નાશ એક મૈત્રીભાવથી શક્ય છે.

જ્યાં મૈત્રી છે, ત્યાં ગુણ ઉપર પ્રમોદ, દુઃખ ઉપર કરુણા
અને દોષ ઉપર માધ્યસ્થ્ય સહેજે પ્રગટે છે.
મૈત્રી ગુણો પ્રત્યે પ્રમોદરૂપ, દુઃખો પ્રત્યે કારુણ્યરૂપ
અને દોષો પ્રત્યે માધ્યસ્થ્યરૂપ છે.

## ભાવધર્મના ૪ ભેદ: મૈત્રી - મુદિતા - કરુણા - માધ્યસ્થ.

વેરથી વેર શમતું નથી, તૃષ્ણાથી વેર વધે છે.
નિર્વૈર થવા માટે મૈત્રીની ભૂખ જાગવી જોઈએ અને
મૈત્રીની ભૂખ જગાવવા માટે વિતૃષ્ણ થવાની જરૂર છે.

## પરમાત્માની અસીમ કરુણા

જગતમાં દુશ્મનાવટ, જુદાઈ, સિતમ અને મૃત્યુ છે, તો નિઃસ્વાર્થ અને નિર્મળ મૈત્રી પણ છે. આમ જગત અને જીવનની ઘટનાઓ આપણને સ્મરણ કરાવતી રહે છે માત્ર પરમાત્મા તથા એમની અસીમ કરુણાનું.

જો દુશ્મનાવટ, જુદાઈ, સિતમ અને મૃત્યુ પણ પોતપોતાની રીતે પરમાત્માની કૃપાનો જ અનુભવ કરાવે છે, તો નિઃસ્વાર્થ અને નિર્મળ મૈત્રી તો છે જ પરમાત્માનો વિરલ કૃપાસ્પર્શ જ સાક્ષાત્!

દાન, દયા, મૈત્રી, મુદિતા તે આત્મસ્મરણના ઉપાય છે અને નામસ્મરણ, રૂપદર્શન અને સ્વરૂપસ્મરણ - એ ઉપાયના પણ ઉપાય છે - સાધનનાં પણ સાધન છે.

ચાર કષાયના પ્રતિપક્ષી ચાર ભાવ -
તે મૈત્રી, મુદિતા, કરુણા અને માધ્યસ્થ્ય.

અહિંસાનું મૂળ સ્નેહ, ક્ષમાનું મૂળ મૈત્રી, તપનું મૂળ ધ્યાન.

પ્રતિક્રમણ એ ક્ષમાનું કેન્દ્ર છે,
સાધનાનું અનિવાર્ય અંગ - હૃદયશુદ્ધિનું શ્રેષ્ઠ સાધન છે.

પ્રતિક્રમણ દ્વારા અવશ્યપણે હિતચિંતારૂપ અને
સ્નેહપરિણામરૂપ મૈત્રીથી ભાવિત થવાય છે.

પ્રતિક્રમણનો પ્રાણ મૈત્રી છે - મૈત્રી ધર્મવૃક્ષનું મૂળ છે.

'જોધિ' એટલે જીવરાશિ ઉપર મૈત્રી - સ્નેહપરિણામ.

સ્નેહપરિણામ એ ગુણાધિક પ્રત્યે પ્રમોદ,
દુઃખાધિક પ્રત્યે કરુણા અને પાપાધિક પ્રત્યે માધ્યસ્થ
ભાવને પ્રકટાવાને પરમ સમાધિનું કારણ બને છે.

ધર્મનો મર્મ મૈત્રીભાવનો વિસ્તાર,
પરોપકારનું નિમિત્ત અને શમવૃત્તિનું ઉપાસન છે.

અહિંસાના પાલનથી મૈત્રીભાવનો વિસ્તાર થાય છે,
સંયમના પાલનથી પરોપકારની પરાકાષ્ઠા સધાય છે.

જીવનમાં આત્માવલંબન અને ઉપયોગાવલંબન બંને જરૂરી છે.
આત્માવલંબન એટલે મૈત્રી, કરુણા અને મુદિતા.
કોઈને સુખી જોઈને સુખનો અનુભવ થવો તે મૈત્રી,
કોઈને દુઃખી જોઈને દુઃખનો અનુભવ થવો અને એને
માટે કાંઈક કરી છૂટવું, કરવાની પ્રેરણા થઈ તે કરુણા
અને કોઈનું પુરુષાર્થ જોઈને હૃદયમાં
આનંદનો અનુભવ થવો, એ મુદિતા છે.
જ્ઞાન વડે માધ્યસ્થ ભાવના કેળવાય છે,
શીલ વડે કારુણ્ય, શ્રદ્ધા વડે મૈત્રી - પ્રમોદ સધાય છે.
કાયોત્સર્ગ વડે ઈડા - પિંગલાના મધ્યમાં વાયુ રહે છે,
તેથી રાગ-દ્વેષરહિત માધ્યસ્થ્ય ભાવ સહજ બને છે.
સાચું પ્રણિધાન કેવું હોય?
તે મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ્યયુક્ત હોય.
મૈત્રી - પ્રમોદનું પ્રત્યક્ષ યથાર્થ શ્રદ્ધા, સમ્યગ્દર્શન છે.
કારુણ્ય ભાવનાનું પ્રત્યક્ષ શીલ - સદાચાર છે.
માધ્યસ્થ્ય ભાવનાનું પ્રત્યક્ષ યથાર્થ જ્ઞાન છે.

## ચાર ભાવનાઓ શું કરે છે?

(૧) મૈત્રી એ દ્રવ્યની ઓળખાણ કરાવી દર્શનવિશુદ્ધિ કરાવે છે, તેની અભિવ્યક્તિ મન દ્વારા થાય છે.

(૨) પ્રમોદ એ ગુણની ઓળખાણ કરાવી જ્ઞાનની શુદ્ધિ કરાવે છે, તેની અભિવ્યક્તિ વચન દ્વારા થાય છે.

(૩) તથા (૪) કરુણા - માધ્યસ્થ ભાવના એ પર્યાયની ઓળખાણ કરાવી ચારિત્રગુણની શુદ્ધિ કરે છે તથા તેની અભિવ્યક્તિ કાયા દ્વારા થાય છે.

મૈત્ર્યાદિ ભાવો જેમ ચિત્તની શુદ્ધિનું સાધન બને છે, તેમ ઉત્પાદાદિ ત્રિપદીનું ધ્યાન ચિત્તમાં સ્થિરત્વ લાવે છે.

વૈરાગ્યથી આનંદ મળે અને મૈત્રીથી અદ્વેષ પ્રાપ્ત થાય.

વૈરાગ્ય વિના સર્વવિરતિ નહિ, મૈત્રી વિના મુક્તિ નહિ.

વૈરાગ્ય માટે મૃત્યુ સામે રહેવું જોઈએ અને મૈત્રી માટે ભવભ્રમણનો વિચાર સતત રહેવો જોઈએ.

જિનવચનનો સાર પુદ્ગલ પ્રતિ માધ્યસ્થ અને જીવ પ્રતિ મૈત્રીભાવ પેદા કરવો, તે છે.

મૈત્રી એ જ પરમાર્થ ને મુક્તિ છે.

મરણનો વિચાર પ્રભુનું સ્મરણ કરાવે છે, પ્રભુનું
સ્મરણ જીવો પ્રત્યે મૈત્રી પ્રકટાવીને મુક્તિ આપે છે.

પર્યુષણ 'પર્વાધિરાજ' તરીકે અનોખી રીતે ઓળખાવાય છે.

પર્વને અંતે આવતાં સંવત્સરી દિને સૌ કોઈ
શત્રુ-બાળને ક્ષમા આપીને મૈત્રીની નવી ગાંઠ બાંધે છે,
મિચ્છામિ દુક્કડં કરીને મૈત્રીનું નવું વર્ષ શરૂ કરે છે.
મૈત્રી, ક્ષમા, તપ અને સમતા દ્વારા આત્માનો પ્રકાશ
પ્રાપ્ત કરી મુક્તિના પંથે વિચરવાનું આ અમોઘ પર્વ છે.

મૈત્રી - પ્રમોદ - કારુણ્ય - માધ્યસ્થ્ય ગુણની માતા છે.

પરમેષ્ઠિ નમસ્કાર એ મૈત્ર્યાદિ ભાવપોષક છે અને
પરિણામની વિશુદ્ધિ = મૈત્રી, પ્રમોદ, કરુણા, માધ્યસ્થ્યાદિ.

મૈત્રી વડે અભેદ, વૈરાગ્ય વડે ભેદ અને
ગુણ - ગુણી વચ્ચે ભેદાભેદ -
એ ત્રણ સ્થિતિનું ધ્યાન અનુક્રમે નિર્મળતા, સ્થિરતા
અને તન્મયતા ઉપજાવી કર્મક્ષય કરાવે છે.

मा कार्षीत्कोऽपि पापानि मा च भूत्कोऽपि दुःखितः।
मुच्यतां जगदप्येषा मतिर्मैत्री निगद्यते ॥१॥ <u>અર્થાત્</u>:
'કોઈ પાપ ન કરો, કોઈ દુઃખી ન થાઓ અને આખું
જગત મુક્ત થાઓ' આવી બુદ્ધિ તે 'મૈત્રી' કહેવાય છે.
મૈત્રીભાવ મિથ્યાત્વને તોડે છે, દર્શનમોહનું નિવારણ
કરે છે અને અનંતાનુબંધી કષાયને ય નિર્મૂળ કરે છે.
<u>મૈત્ર્યાદિ ૪ ભાવના ક્ષાન્ત્યાદિ દશ ઉત્તમ ધર્મોનું બીજ છે,</u>
<u>તે દશ ધર્મો સંવર - નિર્જરા અને મોક્ષનાં બીજ છે.</u>
અભ્યાસ મૈત્રીનો, વૈરાગ્ય વિષયોનો, નિરોધ આચારનો.
ચંદનની જેમ મૈત્રી ઘસાવા છતાં સુવાસ આપે છે.

અંગાંગીભાવમાં જઘન્ય અંગ વધુ પૂજનીક છે.

અંગના અવયવો પરસ્પર સહાયક છે અને

અસ્તિત્વને નભાવી લે છે, તે અનુકંપા

કરુણા અને માધ્યસ્થ્ય ભાવના સૂચવે છે.

<u>મૈત્રી અને કરુણા = Reverence for life.</u>

એ જ જગતને હિંસામાંથી બચાવી શકે.

અહિંસાધર્મી વ્યક્તિ ભાવનામાં ભલે
વિશ્વમૈત્રીનો ઉપાસક હોય, પરન્તુ આચરણમાં તેણે
દેશ-કાળના ભેદને સ્વીકાર્યા વિના ન ચાલે.

કષાયનો જય કરવા પ્રતિપક્ષ એવા
મૈત્ર્યાદિ ભાવોનો અભ્યાસ વધવો જોઈએ.

મૈત્ર્યાદિ ભાવો ચિંતવવાથી કષાયોની શક્તિ ઘટે છે,
કેમકે તેમાં પરમ તત્ત્વના ગુણોનું ચિન્તન પ્રધાન છે.
ધ્યાનનું અંતરંગ લિંગ = સ્વની સાથે સંબંધ રાખનારું.
બહિરંગ = સ્વભિન્ન સર્વની સાથેનો સંબંધ બતાવનારું.
આ બહિરંગ લિંગાત્મક તે સકલ પુણ્યની માતા છે,
મૈત્રી, મુદિતા, કરુણાદિ ભાવોની ઉત્પત્તિ તેમાંથી છે.
જેવું આર્તધ્યાન યા અશુભ ધ્યાન અટકે છે કે સત્વર
મૈત્રી - પ્રમોદ - કારુણ્ય - ઉપેક્ષારૂપ
ચારે ભાવનાઓ આપોઆપ મનમાં આવી જાય છે,
સકલ માનવગણ અને પ્રાણીમાત્ર ઉપર વાત્સલ્ય
તેમ જ દયાદિ ભાવોનું પુર અંતઃકરણમાં વહેતું રહે છે.

## મૈત્રી - પ્રમોદ - કરુણા - માધ્યસ્થ્યભાવ

(૧) મૈત્રી : જીવના જીવત્વ રૂપી પારિણામિક ભાવ તથા
જીવમાત્ર પ્રત્યે હિતચિંતા રાખવાથી સ્વહિત થાય.
જીવમાત્રમાં જીવત્વ રહેલું છે, એ દૃષ્ટિએ સૌ સમાન છે.

(૨) ક્ષાયોપશમિકાદિ ભાવો પ્રત્યે પ્રમોદભાવ રાખવો.
સ્વગુણવૃદ્ધિ માટે ગુણીના ગુણો પ્રત્યે તથા
સિદ્ધના જીવો ગુણમાં અને સુખમાં સર્વથી અધિક છે,
માટે ત્યાં પરમ પ્રમોદ પ્રગટવો જોઈએ.

(3) દુઃખ-દૌર્મનસ્યાદિ ભાવો પ્રત્યે કારુણ્યભાવ રાખવો.
સ્વદુઃખ દૂર કરવા દુઃખી ઉપર કારુણ્યભાવ જરૂરી.
નિગોદના જીવો સર્વથી અધિક દુઃખી છે,
માટે ત્યાં તીવ્ર કરુણા હોવી જોઈએ.

(૪) મોહાદિ ઔદયિકભાવ પ્રત્યે માધ્યસ્થ્યભાવ રાખવો.
પાપી જીવોના પાપ પ્રત્યે માધ્યસ્થ્યભાવને
ધારણ કર્યા વિના પાપમુક્ત થવું અશક્ય છે.
પાપી જીવો પ્રત્યે માધ્યસ્થ્ય એ સદ્ગુણ છે.

નીચેના અને એવાં ભાવો જે સુભાષિતો
આપણને વારસામાં મળ્યાં છે, તે મૈત્રી સૂચવે છેઃ

शिवमस्तु सर्व जगतः । सुहिणो भवंतु जीवाः ।
सर्वेऽपि सुखिनः संतु । मा कार्षीत् कोऽपि पापानि ।
सर्वत्र सुखी भवतु लोकः ।

ૐ = જિનભક્તિ - આર્તધ્યાન પ્રતિકારક.
अर्हं = જીવમૈત્રી - રૌદ્રધ્યાન નિવારક.

મૈત્રીનું ચિન્તન રૌદ્રધ્યાનનો પ્રતિકાર છે.

મૈત્રીની અભિવ્યક્તિ મન વડે, પ્રમોદની વચન વડે અને કરુણા - માધ્યસ્થની અભિવ્યક્તિ કાયા દ્વારા થાય છે.

પરોપકાર માટે સ્વાર્થનો, તપ માટે સુખનો, મૈત્રી માટે દંભનો અને મોક્ષ માટે સંસારનો ત્યાગ કરવો પડે છે.

મૈત્રીભાવનું પરિણામ એ છે કે...

તીર્થંકર પ્રભુના સમવસરણમાં એક સાથે સિંહ અને હરણ; વાઘ અને બકરી; નોળીયો અને સર્પ તથા બિલાડી અને ઉંદર પરસ્પર પ્રેમથી સાથે જ બેસતાં.

## સાધકની યોગ્યતા અને અધિકારીતા માટે

ખાસ કરીને બે વસ્તુ ઉપર પ્રધાન લક્ષ્ય આપવાનું છે:

એક મન અને બાહ્ય વસ્તુ ઇંદ્રિયો.

મનને સર્વ જીવો સાથે મૈત્ર્યાદિ ભાવોથી વાસિત કરવું અને ઇંદ્રિયોને વિષયોની વિરસતા વિચારીને સંયમી બનાવવી જોઇએ. આ બંને પરસ્પર મળીને ઉપકાર કરે છે.

## જૈનશાસનમાં ભાવધર્મની વૃદ્ધિ કરનાર શું છે?

દેવની પૂજા, ગુરૂની સેવા, સંઘની ભક્તિ, સાધર્મિકનું વાત્સલ્ય, મૈત્રી, પરોપકાર તથા કૃતજ્ઞતા.

## 'સ્નેહ પરિણામો મૈત્રી ।'

તે મૈત્રી સમસ્ત સત્ત્વ વિષે પરિણામ પામે, ત્યારે જીવ માર્ગાનુસારીમાંથી સમ્યક્ત્વ પામે. તે સકલસત્ત્વહિતાશય પરિણામને પામી જ્યારે સાવદ્ય માર્ગનો ત્યાગ કરવાની પ્રતિજ્ઞાવાળો બને અને તે છઠ્ઠા ગુણઠાણે તથા ષટ્ જીવનિકાયહિતરૂપી અભય પરિણામવાળો બને, ત્યારે યોગનો સર્વથા ક્ષય થઈને મુક્તિનો અધિકારી બને છે.

મૈત્રી = સકલ જીવોને મિત્ર માનવાની વૃત્તિ - નિર્વૈરતા.
પ્રમોદ = અન્યની ઉન્નતિ જોઈ આનંદની વૃત્તિ - ઔદાર્ય.
કારુણ્ય = દીનદુઃખી જોઈ અનુકંપાની વૃત્તિ, દયા - દાક્ષિણ્ય.
માધ્યસ્થ્ય = વિપરીત માનસ ધરાવનારાઓ પ્રત્યે
ઉદાસીનતા - અનુમોદન નહિ, તેમ તિરસ્કાર પણ નહિ.
ચારે ભાવનાનો સંક્ષેપ મૈત્રીભાવનામાં થઈ શકે છે.

ઊંડે ઊંડે જ્યાં મિત્રતાની ભાવના નથી,
ત્યાં પ્રમોદ ઉપજી શકતો નથી, કરુણા સ્ફુરતી નથી
તથા માધ્યસ્થભાવ પણ અનુભવી શકાતો નથી.

મૈત્રીભાવનાનું મૂળ સમાનતા છે.

જેવો હું, તેવા બધા. મને સુખ ગમે, બીજાને ય તેમ જ.
તો બીજાને કેમ મારી - ધિક્કારી અથવા પીડી શકાય?
પરપીડાની મનોવૃત્તિ - એ મૈત્રીભાવનાનું ચિહ્ન નથી.
હિંસાદિ સર્વ ૧૮ પાપો એ મૈત્રીની ભાવનાનાં
મૂળ સિદ્ધાંતથી વિરુદ્ધ પ્રવૃત્તિરૂપ છે.
મૈત્રીભાવથી ક્ષમા, નમ્રતા, સરળતા અને સંતોષ વધે.

મૈત્ર્યાદિ ભાવના અહિંસાના પ્રાણભૂત છે.

(૬) યોગદૃષ્ટિ સમુચ્ચય પૃ.૬

વર્ષોલકની નિષ્પત્તિમાં ઈક્ષુરસાદિ સદૃશ ૮ દૃષ્ટિઓ છે.
ઈક્ષુરસ, કક્કબ તથા ગુડ વગેરેમાં જેમ અનુક્રમે માધુર્ય
વધતું જાય છે, તેમ આ આઠ દૃષ્ટિઓમાં પણ ક્રમશઃ
સંવેગ અને માધુર્ય વધતાં જાય છે. વર્ષોલક = સાકર.

વળી આઠ દૃષ્ટિઓ રૂચ્યાદિ વિષયક છે.

અહીં સંવેગ (મોક્ષાભિલાષ) તે પ્રમોદભાવરૂપ છે અને
માધુર્ય તે મૈત્રીભાવરૂપ છે.

અભવ્યોને સંવેગ અને માધુર્ય હોતાં નથી,
તેથી તેને આઠ પૈકી એક પણ દૃષ્ટિ હોતી નથી.

'अहिंसालक्खणस्स, खंतिपहाणस्स, विणयमूलस्स ।'
વગેરેમાં મૈત્રી - પ્રમોદ - કરુણાદિ ભાવનાઓ
ગર્ભિતપણે રહેલ છે. મૈત્રીભાવશૂન્ય અહિંસા એ
દ્રવ્ય અહિંસા બનશે, ભાવથી નહિ.

અહિંસા એ ધર્મનું લક્ષણ છે અને મૈત્રી તેનો પ્રાણ છે.

ઉપમિતિ પ્ર૦ ૭, પ્ર૦ ૬૨૬, શ્લોક ૫૪૪માં કહ્યું છે કે:

मैत्रीकारुण्यमाध्यस्थ्यप्रमोदोद्दामभावनम् ।
सदा मौक्तिकतानं तत् तदा ते परमं सुखम् ॥

શ્રી ભાવદેવસૂરિ કૃત પાર્શ્વનાથ ચરિત્રમાં કહ્યું છે કે:

मैत्री परहिते चिन्ता, परार्तिच्छेदधीः कृपा ।
मुदिता सद्गुणे तुष्टिर्माध्यस्थ्यं पाप्युपेक्षणम् ॥

मैत्र्यादि युक्त परम माध्यस्थ्य भाव

मैत्रीं भावयतो नित्यं शुभो भावः प्रजायते ।
ततो भावोदकाज्जन्तोर्द्वेषाग्निरुपशाम्यति ॥

યોગબિન્દુ, શ્લોક ૩૭૯ ટીકામાં મૈત્ર્યાદિ વિશે કહ્યું છે:

उक्तं च —

औचित्याद् वृत्तयुक्तस्य वचनात्तत्त्वचिन्तनम् ।
मैत्र्यादिभावसंयुक्तमध्यात्मं तद्विदो विदुः ॥

ધર્મરત્ન પ્રકરણમાં કૃતજ્ઞતા-પરોપકાર માટે કહ્યું છે કે:

दो पुरिसे धरउ धरा, अहवा दोहिं वि धारिया वसुहा ।
उवयारे जस्स मई, उवयरियं जो न पम्हुसइ ॥१॥

## પરોપકારની પ્રધાનતા

## પરોપકાર ઉર્ધ્વગામી બનાવે છે.

સંત, સરિતા અને તરૂવરનું જીવન જોતાં ગમે તેને કબુલવું પડે કે: 'જીવન એટલે પરમાર્થ.'

'હું પરોપકારી છું' એવું બોલવાનો અધિકાર તો પરાર્થવ્યસની શ્રી અરિહંત પરમાત્માને જ હોઈ શકે, પરંતુ તેઓશ્રી તો કૃતજ્ઞતા ગુણના સ્વામી હોવાના કારણે તેઓશ્રીના એક રૂંવાડામાં પણ આવો અહંકાર લવ લેશ પણ હોતો નથી.

વ્યવહાર-નયનો ઉપયોગ આપણે સાંસારિક પ્રવૃત્તિમાં કરીએ છીએ અને પરોપકારાદિ ધર્મમાં નિશ્ચયને આગળ કરી દઈએ છીએ. વ્યવહારમાં આપણા ઉપર જે ઉપકાર કરે, એને સહુ ઉપકારી માનીએ છીએ, પરંતુ ધર્મમાં પ્રાયઃ નિશ્ચય આગળ કરીને આપણે એવો કદાગ્રહ સેવીએ છીએ કે: 'ધર્મ કરનાર તો હું જ છું, જે કાંઈ શુભ ફળ મળે છે, એમાં હું જ કારણ છું.'

મિથ્યાભિમાન થકી કૃતજ્ઞતાગુણથી વંચિત રહીએ છીએ.

જેમ વેપારી વેપાર ચલાવનાર છે, પરંતુ
જો ગ્રાહક જ ન હોય, તો વેપાર ચાલી શકે નહીં.
એ જ રીતે શ્રી અરિહંત પરમાત્માએ
તીર્થની સ્થાપના ન કરી હોત, તો આપણને
દયા, દાન, પરોપકાર આદિ ધર્મ પ્રાપ્તિ થઈ ન શકત!

પરોપકાર ગુણની આખી ઈમારતનો પાયો કૃતજ્ઞતા છે.

તેમ છતાં જો અમે ભૂલીએ,
તેમ જ માનીએ કે: 'હું પરોપકારી છું'
તો એ મિથ્યાભિમાનરૂપી દોષ છે અર્થાત્ કૃતઘ્નતા છે.

ખરેખરો ઉપકારી તો ઉપકારની અણમોલ તક
આપનાર (પર) છે. દુનિયામાં જો યાચક જ ન હોય,
તો આપણા જીવનમાં દાનનો ગુણ પ્રગટે શી રીતે?

એ જ રીતે સૂર્ય - ચંદ્ર, પૃથ્વી - પાણી,
પવન, અગ્નિ અને આકાશ વગેરેના
પ્રગટ ઉપકારનું ઋણ પ્રતિપળે આપણા માથે ચઢે છે.

પ્રકૃતિના ઋણ કરતાં ય વધુ મોટું ઋણ આપણા માથે શ્રી પંચપરમેષ્ઠિ ભગવંતોનું સતતપણે ચઢતું રહે છે.

એ હકીકતના સ્પષ્ટ ભાન માટે શ્વાસે - શ્વાસે મહામંત્ર શ્રી નવકારનું સ્મરણ કરવાનું ફરમાન છે.
જેમ આકાશના ભૂષણ સૂર્ય અને ચંદ્ર છે, તેમ પૃથ્વીના ભૂષણરૂપ બે જ મનુષ્ય છે. એક પરોપકારી અને બીજો બીજાના કરેલા ઉપકારને નહીં ભૂલનારો એવો કૃતજ્ઞ.
આ વિધાન દ્વારા પ્રકૃતિ આપણને પરોપકારી અને કૃતજ્ઞ બનવાની પ્રબળ પ્રેરણા પૂરી પાડે છે.

## પરોપકારી અને કૃતજ્ઞ પુરુષોમાં

પ્રથમ ક્રમે ત્રિભુવનપતિ શ્રી અરિહંત પરમાત્મા છે.
જો શ્રી અરિહંત પરમાત્મા ન થાય, તો કોઈ જીવનો ઉદ્ધાર ન થાય, બધા જીવો અનંતકાળ સૂક્ષ્મ નિગોદમાં જ રીબાતાં રહે. એ માટે જ શ્રી અરિહંત પરમાત્માને પરાર્થવ્યસની, કૃતજ્ઞતા ગુણના સ્વામી કહ્યાં છે. અનેક આત્માઓ ઉક્ત બે ગુણો ખીલવવામાં સફળ થયાં છે.

શ્રી તીર્થંકર પરમાત્મા પાસેથી ત્રિપદી સાંભળીને શ્રી
શ્રી આગમસૂત્રો (શાસ્ત્રો)ની રચના કરનારા પરમોપકારી
શ્રી ગણધર ભગવંતોમાં તો કૃતજ્ઞતા ગુણની
પરાકાષ્ઠા જોવા મળે છે, માટે કોઈ પણ
આગમની રચના તેમણે પોતાના નામે નહિ ચઢાવી,
પરંતુ શ્રી તીર્થંકર પરમાત્માના નામે જ જમા કરી છે.
૧૪૪૪ ગ્રન્થોના રચયિતા સૂરિપુરંદર પરમ પૂજ્ય
શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજના જીવનમાં કૃતજ્ઞતાનો
ગુણ એટલો તો સરસ ખીલ્યો હતો કે તેમણે પોતાને
શ્રી જિનશાસન તરફ વાળનારાં સાધ્વીજી મહારાજનાં
ધર્મપુત્ર તરીકે જ પોતાની કૃતિઓમાં ઓળખાવવાપૂર્વક
'યાકિની મહત્તરાસૂનુ' તરીકે વર્ણવ્યા છે.
બોલવામાં તેમ જ લખવામાં દેવ અને ગુરૂને આગળ
રાખવાની ઉપકારક પરંપરા આપણે ત્યાં જે છે, તેનો
પાયાના સત્ત્વ તરીકે ઉપયોગ કરતાં રહીએ, તો તો
આપણું પ્રત્યેક સત્કાર્ય ચંદનવનની જેમ મહેકી ઉઠે.

શ્રી તીર્થંકર પરમાત્મા પાસેથી ત્રિપદી સાંભળીને
શ્રી આગમસૂત્રો (શાસ્ત્રો)ની રચના કરનારા પરમોપકારી
શ્રી ગણધર ભગવંતોમાં તો કૃતજ્ઞતા ગુણની
પરાકાષ્ઠા જોવા મળે છે, માટે કોઈ પણ
આગમની રચના તેમણે પોતાના નામે નહિ ચઢાવી,
પરંતુ શ્રી તીર્થંકર પરમાત્માના નામે જ જમા કરી છે.
૧૪૪૪ ગ્રન્થોના રચયિતા સૂરિપુરંદર પરમ પૂજ્ય
શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાના જીવનમાં કૃતજ્ઞતાનો
ગુણ એવો તો સરસ ખીલ્યો હતો કે તેમણે પોતાને
શ્રી જિનશાસન તરફ વાળનારાં સાધ્વીજી મહારાજનાં
ધર્મપુત્ર તરીકે જ પોતાની કૃતિઓમાં ઓળખાવવાપૂર્વક
'યાકિની મહત્તરાસૂનુ' તરીકે વર્ણવ્યા છે.
બોલવામાં તેમ જ લખવામાં દેવ અને ગુરુને આગળ
રાખવાની ઉપકારક પરંપરા આપણે ત્યાં જે છે, તેનો
પાયાના સત્ય તરીકે ઉપયોગ કરતાં રહીએ, તો તો
આપણું પ્રત્યેક સત્કાર્ય વંદનવનની જેમ મહેકી ઉઠે.

## સમર્પણભાવ એટલે પરોપકારમય જીવન.

તનની શુદ્ધિ સેવાથી, મનની શુદ્ધિ ભજનથી અને
ધનની શુદ્ધિ દાનથી થાય છે.

સમર્પણભાવ વગર જીવનો ઈશ્વર સાથે સંબંધ ન થાય.

સંવત્સરી દિવસે અનંત ઉપકારી મહાપુરુષોની
નિરન્તર વહેતી ભાવકરુણાની અવગણના અને ઉપેક્ષારૂપ
અપરાધ - આશાતનાની ક્ષમાયાચના કરવાની હોય છે.

## ખાસ યાદ રાખવા જેવી આઠ વાત

(૧) બીજાનો ઉપકાર ભૂલવો નહીં.
(૨) પોતે કરેલો ઉપકાર યાદ કરવો નહીં.
(૩) બીજાએ કરેલો અપકાર યાદ કરવો નહીં.
(૪) પોતે કરેલો અપકાર કદી ભૂલવો નહીં.
(૫) પોતાની જાતને દુષ્કૃતવાળી માનવી.
(૬) બીજા બધાને દુષ્કૃતમાંથી છોડાવનાર ઉપકારી માનવા.
(૭) બીજાના ઉપકારની પ્રશંસા કરવી અને
(૮) પોતાના અપકારની નિન્દા કરવી.

## પરાર્થકરણ એટલે...

પોતાની તન - મન - ધનની શક્તિ બીજાના ભલામાં
કામે લગાડવી તે. ગટરજનભૂંડમાં કૃપણતા પુષ્ટ થાય
અને પરાર્થકરણમાં ઉદારતા પુષ્ટ થાય છે.

પરાર્થકરણ એ પૌરુષનું ચિહ્ન છે - વ્યાપક લક્ષણ છે.
કેમ કે એ પુરુષાર્થની ઉત્કટ પ્રબળતાની અપેક્ષા રાખે છે.
પૌરુષ = બીજા ખાતર ભોગ આપવાનું સામર્થ્ય - સત્ત્વ
આત્માનું સદ્વીર્ય છે. સ્વાર્થચેષ્ટામાં પુરુષાર્થ ગૌણ છે,
V. Imp. મુખ્યતા મોહના પ્રાબલ્યની છે.
તે કર્મની ગુલામી છે, અજ્ઞાનાંધકારનું આચ્છાદન છે.
સ્વાર્થસાધનામાં વિષય - કષાયની પરતંત્રતા છે, જ્યારે
પરાર્થકરણમાં વિવેકપ્રબળતા, વિષય - કષાયનો સામનો છે.
પરાર્થકરણ એ બીજનો સાર છે, જીવનની સુવાસ છે.
લોભકષાય જાય, કષાયમંદતા આવે, મૂર્છા મંદ પડે,
તો આત્મકલ્યાણને અવકાશ મળે. એ કહેવત છે કે:
'સિંહણનું દૂધ સુવર્ણના પાત્રમાં રહે.'

<u>એ ગુણને યાદ કરો કે:</u>

<u>જન્મ ધરી અને માતા, પિતા, ગુરૂ, અતિથિ વગેરેની સેવા લઈને જ આપણે મોટાં થઈ શકીએ છીએ.</u>

માતા, પિતા, આચાર્ય અને અતિથિને દેવ માનવાનો અર્થ એ છે કે તેઓ ઉપકારી છે, માટે દેવ છે. તેમના માર્ગે ચાલવું, તેમની આજ્ઞા પાળવી, તેમના કહ્યાં મુજબ ચાલવું, તેમના સારાં કાર્યોનું અનુસરણ, અનુકરણ, અનુમોદન કરવું, તેમના જેવા ઉપકારી થવું.

<u>ગુણ પ્રત્યે કૃતજ્ઞ બનો, ભૂલ પ્રત્યે કઠોર બનો.</u>

માત્ર સમર્પણ અને શરણાગતિથી કલ્પનાતીત પરિણામો આવે છે, તેને કેળવવા માટે કૃતજ્ઞતા અને નમ્રતા - એ બે સાધન છે.

સાચી નમ્રતા એ ભૂલના સ્વીકારમાંથી જન્મે છે અને સાચી કૃતજ્ઞતા એ ગુણના સ્વીકારમાંથી જન્મે છે.

જે થોડાં ઉપકારને પણ ઘણો માને છે, તે ઘણો આનંદ અનુભવી શકે અને તેનું મન વિશાળ - ઉદાર બને છે.

# ગુરુનો ઉપકાર

આત્મકલ્યાણના માર્ગમાં મોક્ષમાર્ગના ભોમિયા સમાન ગુરુ ભગવંત મુખ્ય છે. તેઓશ્રીના જેટલા ઉપકારો ગણાશો, તેટલાં ઓછાં છે. અનંતા ભવો સુધી એમના અગણિત ઉપકારોનો બદલો વાળી શકાય તેમ નથી.

શ્રી વીતરાગ ભગવંતના આગમોમાં માર્ગદર્શક ગુરુ મહારાજના અનંત ગુણો બતાવવામાં આવ્યા છે.

પ્રથમ અક્ષરદર્શન, પછી અર્થદર્શન, પછી અક્ષરશ્રવણ, એ બહુ મોટામાં મોટો યોગ છે.

ક્રિયાયોગ જ ધ્યાન છે, એમ અભાવ જમાની આશા નથી, કેમકે તેમાં કૃતજ્ઞતા ગુણને હાનિ થવાનો સંભવ છે.

કૃતજ્ઞતા ગુણ એ ભેદના ઘરનો છે.

જીવ સંસારમાં અશુભ પ્રણિધાન કરી રહ્યો છે, તેમાંથી છૂટવા માટેનું મુખ્ય આલંબન વીતરાગનું પ્રણિધાન છે.

ક્રિયાયોગ વડે તે સિદ્ધ થાય છે, કેમકે તેમાં વીતરાગની આજ્ઞાના પાલનનો અધ્યવસાય ટકી રહે છે.

દાન - પુણ્યાદિ તે પરોપકાર નહિ પણ સ્વોપકાર છે.

જેને વાંચી - સાંભળીને કષાયો પાતળાં - ઓછાં થાય,
તે પાપભીરૂ, પરોપકારી અને કૃતજ્ઞ બને.

(1) દયા = કરૂણાદ્રતા (2) દાન = ત્યાગના પરિણામ
(3) પરોપકાર = પરકાર્યમાં સ્વકાર્ય જેટલો પ્રેમાદર.

દરેક વ્યક્તિની પ્રકૃતિમાં
દયા, કરૂણા વગેરે ગુણોના સંસ્કારો હોય જ છે.

કૃતજ્ઞતા ગુણ એ ધર્મનો પાયો છે.

આ જગતમાં સૌથી વધુ કૃતજ્ઞ કોઈ હોય, તો તે
પરમેશ્વર - પરમાત્મા છે, જેમનું નામસ્મરણ કરવા
માત્રથી જ અનંત ભવભ્રમણનાં દુઃખ દૂર થાય છે.

પરમપદની પ્રાપ્તિનો પરમ ઉપાય એ છે કે:
પોતે કૃતજ્ઞ રહી બીજાને સ્વતંત્રતા આપો.

જ્ઞાનીઓનો સંગ કૃતજ્ઞતા રૂપે અને
જિજ્ઞાસાની વૃદ્ધિ રૂપે કરવાનો હોય છે.

આપણા ઉપર પરમેષ્ઠિ ભગવંતોનો પરમ ઉપકાર છે.

પરમેષ્ઠિ ભગવંતો તો મોક્ષમાં પહોંચી ગયા છે,
તો ઋણ શી રીતે ચૂકવવું ? એ પ્રશ્ન છે.

એનો ઉત્તર એ છે કે તેમણે સંસારના જીવો ઉપર ઉપકાર કરવાનું જે કાર્ય આરંભ્યું છે, તે અધૂરું છે. ઘણા જીવો હજુ સંસારમાં છે, તેમના ઉદ્ધાર માટે આપણે પૂર્ણ પ્રયત્ન કરીએ, તો જ ઋણ વળે.

આ કરુણામાં જ અપકારી પર પણ ઉપકાર કરવાનો છે.

સંસારવર્તી જીવોના કલ્યાણાર્થે જેટલો પ્રયત્ન કરીએ, તેટલું પંચપરમેષ્ઠિનું ઋણ આપણા પર ઓછું થાય.

શત્રુ પ્રત્યે પણ ઉપકાર કરવાનું લક્ષ્ય રહેવું જોઈએ.

આપણું હિત થાય, તેમાં નિમિત્ત બનનાર દરેક જ.

ગુણાનુરાગ = કૃતજ્ઞતા. ક્રિયાપ્રધાન = પરોપકાર.

એ વિચાર મનને વિકસાવે છે કે : 'આપણું જેટલું અહિત થાય, તેમાં ઉપાદાન છે આપણા ઉપયોગની અશુદ્ધિ, તેથી તેની જવાબદારી આપણા ઉપર છે.'

કૃતજ્ઞતાથી કષાય જાય - પરોપકારથી વિષય જાય.

કૃતજ્ઞતા અને ઋણાનુભૂતિ અનિવાર્ય છે.

પરોપકાર, દાન, દયા, પૂજા, અહિંસા આદિ સઘળી ધર્મપ્રવૃત્તિઓ ઋણ મુક્ત્યર્થે જ કરવાની છે. ભવચક્રમાં ભમતાં ભમતાં આપણો જીવ અનેકના ઉપકાર તળે આવ્યો છે અને વળી અનેક ઉપર તેણે અપકાર કર્યો છે તથા હજુ કર્યા જ કરે છે. એ બંને પ્રકારના ઋણમાંથી મુક્ત થવા માટે અને નવું ઋણ ન ઉપાર્જન થાય, તેથી પરોપકાર - કૃતજ્ઞતા આચાર પાળવાના છે. ઋણાનુભૂતિનો આ અધ્યવસાય ચિત્તશુદ્ધિ કરે છે અને શુદ્ધ ચિત્તમાં પરમાત્માના ગુણોનું અને પરમાત્માનું પ્રતિબિંબ પડે છે, તે દ્વારા પોતાના શુદ્ધ સ્વરૂપનું ભાન થાય છે અને એ ભાન જ જીવનું ભવભ્રમણ નિવારી આપે છે.

પરસ્પરનાં કાર્યમાં નિમિત્ત થવું, એ જીવોનો ઉપકાર છે.

ઉપકાર કરનાર દરેક વ્યક્તિ માત્ર નિમિત્ત છે.

ઉપ = સમીપ અને કાર = કરવું - ગ્રહવું.

'પરસ્પરોપગ્રહો જીવાનાં ।'

આ સૂત્ર પરસ્પર ઉપકાર કરવાનો આદેશ નથી કરતું,
એ તો ઉપકારની ઓળખ આપે છે.

નિમિત્તભાવથી પરસ્પરને ઉપયોગી કે ઉપકારી બનીએ,
ત્યારે દેખાતું જે ઉપકારનું કાર્ય છે, તેનો કર્તા પરસ્પર
ભાર રહેતો નથી, પરન્તુ ઉપકાર લેનાર - આપનારની
આત્મીયતા વધે છે. પરસ્પરના કાર્યમાં નિમિત્તભૂતતા
સૂચવનાર આ સૂત્ર સર્વ જીવો સાથે યથોચિત વ્યવહાર
વડે સ્વ અને પરનું હિત સધાય પણ અહિત ન સધાય,
તેની પૂરેપૂરી સાવચેતી આપે છે.

આ સૂત્ર આપણા કર્તૃત્વના અહંકારનો વિલોપ કરે છે,
તે સ્વોપકાર માટે પણ પ્રતિપળ અને પ્રતિક્ષણ
પરના ઉપકારનો ખ્યાલ આપીને કૃતજ્ઞ બનાવે છે.

સર્વ જીવો તીર્થંકરના ઉપકાર તળે આવીને જ સિદ્ધપદની
સામગ્રી પ્રાપ્ત કરે છે, તેથી જીવની નમ્રતા કાયમ રહે છે.

એ ઉપકારનું ગ્રહણ ઉપગ્રહના તાત્પર્યાર્થ છે.

## જીવો ઉપર શ્રેષ્ઠ ઉપકાર કયો?

મોક્ષમાર્ગની સ્થાપના એ સર્વશ્રેષ્ઠ ઉપકાર છે. મોક્ષે જવાની ભાવના નહિ, ત્યાં સુધી અનંતા જીવોની વિરાધનાનું પાપ આવે છે, મોક્ષનો અભિલાષ જ તે પાપને રોકી શકે. તીર્થની સ્થાપના પરોપકાર અર્થે છે. પરસ્પરના કાર્યમાં નિમિત્તભૂત બનવાની યોગ્યતા એ જીવનો સહજ સ્વભાવ છે, તેથી કોઈપણ ભાવમાં પરના ઉપકાર તળે આવવાનું થાય છે, માટે કૃતજ્ઞતા અનિવાર્ય છે.

ઉપગ્રહ લક્ષણ દ્વારા આત્માના વિકાસ માટે અનિવાર્ય એવો વિનયપૂર્વકનો કૃતજ્ઞતા ગુણ અને તેથી ભરેલો કૃતજ્ઞતામય આચાર સર્વોદય છે. નવકારના પ્રથમ પદનો અર્થ નમ્રતા વડે નિર્ભયતા પ્રાપ્ત કરવી અથવા કૃતજ્ઞતા દ્વારા સ્વતંત્રતાને મેળવવી.

Grace through gratitude or freedom through humility or humbleness.

'તુલસી યહ સંસાર મેં, પાંચ રત્ન હૈ સાર,
સાધુમિલન - હરિભજન - દાન - દયા - ઉપકાર'...(૧)

માર્ગ બતાવવાવાળો માર્ગથી પહેલા વધુ ઉપકારક છે.

કૃતજ્ઞતા ગુણની ખીલવણીથી વિનયસિદ્ધિ થાય છે.
કૃતજ્ઞ જ ઉપકારીઓનો યથાર્થ વિનય કરી શકે છે.
લક્ષ્મીનું, સમસ્ત સુખોનું, ધર્મનું અને સર્વ કલ્યાણનું મૂળ એક વિનય તથા કૃતજ્ઞતા ગુણનું પાલન જ છે.
કૃતજ્ઞતા અને પરોપકાર ગુણના પાલનમાં સહાયક
ક્ષણિકવાદ સ્વતંત્રતાપોષક - નિત્યવાદ કૃતજ્ઞતાપોષક છે.
વિચારવું કે: સંસારમાં રહેલ સર્વ જીવોનો મારા ઉપર અનેક ભવોનો ઉપકાર તથા ઋણ વગેરે રહેલાં છે, તેઓના ઉપકારને ચૂકવવા હું પૂરતી કાળજી રાખીશ.
સર્વ જીવોને સુખી કરવા હું સતત ભાવના ભાવું છું.
કૃતજ્ઞતા - પરોપકારગુણની અનુક્રમે બે માગણીઓ:
એક સ્વાર્થઉપસર્જનની અને બીજી પરાર્થવ્યસનની કે Cosmic obligation and self Sacrificeની.

## આપણો જીવનમંત્ર : આપો.

આપણે દઈને ઉપકાર નહિ કરતાં પણ લેનાર લઈને આપણા ઉપર ઉપકાર કરે છે, એમ માનતાં શીખો.

ફૂલ બીજા માટે ખીલે છે, ઝાડ પરાર્થે જીવે છે, નદી પરાર્થે વહે છે, ગાય દૂધ આપે છે, કૂતરા સેવા કરે છે, પરન્તુ માનવી બધાથી ઊંચો છે, પાંચ ઈંદ્રિય સાથે મન - બુધ્ધિ - વાણી - વિચાર પણ છે, તે શું કરે છે? જમણો હાથ આપે, તેની ખબર ડાબાને ન પડવી જોઈએ. એ રીતે સૌ આપીશું - લઈશું, તો જ સાચા રાહે જઈશું. કુદરતે તક આપી છે - ધન આપ્યું છે - સમય આપ્યો છે, તો આપો, નિઃસ્વાર્થ ભાવે આપો, દાન આપો, સેવા આપો, ધન આપો, કશા ય આશા અપેક્ષા રાખ્યા વિના પેલાં ઝાડની જેમ, ફૂલની જેમ, વહેતી નદીની જેમ આપો,

બસ આપ્યા જ કરો, નિર્વ્યાજ આપો.

લેનાર - દેનાર ઉભયને સુખ - આનંદ થાય, તેમ આપો. ધનવાન આપે કે ગરીબ આપે - એમાં તફાવત ન માનો.

જીવમૈત્રી એ ચિત્તપ્રસન્નતાનું પરમ ધામ છે.

જિનભક્તિ તથા જીવમૈત્રી - અરસપરસથી વિકસે છે.
ભક્તિ વિના ત્યાગ - મૈત્રી વિના ભક્તિનો અનુબંધ નથી.
મૈત્રીવાન જીવ જ પરોપકારી પંચપરમેષ્ઠિઓને ભાવથી
નમી શકે છે. ઉપકાર કરવો અને ઉપકારીઓને યાદ કરવા,
તે સિવાય આત્મજ્ઞાનીઓને બીજો વ્યાપાર હોતો નથી.
કર્મની હરેક સજામાં આત્મજ્ઞાનીનું કાર્ય પરાર્થકારિતા છે.
જ્યારે સ્વાર્થ ભૂલી જવાય, ત્યારે જ સાચો સ્વાર્થ સધાય.

કૃતજ્ઞતામાં સ્વલઘુતાનો સ્વીકાર છે.

કૃતજ્ઞતામાં દુષ્કૃતગર્હા અને સુકૃતાનુમોદના સમાયેલા છે.
માતા - પિતા વગેરે ઉપકારીઓનો જે દ્રવ્યોપકાર છે,
તેનો બદલો પોતે વિશુદ્ધ ધર્મ પામીને તથા
તેઓને સાચો ધર્મ પમાડવાથી વળી શકે.
ઉપકારીના ઉપકારને જાણવો, માનવો, સદ્દહવો,
સ્વીકારવો અને ક્ષણભર માટે પણ ન વિસરવો તે.
ધર્મને એક શબ્દમાં ઓળખવો હોય, તો તે 'કૃતજ્ઞતા' છે.

અધ્યાત્મધ્યાનયોગપ્રાપ્ય અનુભૂતિના કારણો:

(૧) પરોપકાર (૨) ગુણનો રાગ (૩) પૂજ્યોની પૂજા
(૪) પરપીડાપરિહાર તથા (૫) નિર્ગુણ પ્રત્યે માધ્યસ્થ્ય.

પરપીડા તે પાપ છે, પરોપકાર તે પુણ્ય છે.

ચિત્તની શાંતિ મેળવવાને માટે બીજાને મદદગાર બનો
તથા પ્રભુને નિરખવા હોય, તો માનવના મિત્ર બનો.

મનુષ્યના જીવનમાં કોઈપણ આનંદ હોય,
તો તે પરોપકારનો જ આનંદ છે. બીજાને દુઃખે દુઃખી
અને બીજાને સુખે સુખી થવું, એ મનુષ્યનું લક્ષણ છે.
માત્ર પોતાના સુખે સુખી અને દુઃખે દુઃખી થવું,
એ તો જાનવરનું લક્ષણ છે.

પરસ્પર પ્રેમ-કરૂણાથી જ મનુષ્યનું જીવન ચાલે છે.

વત્થુ સહાવો ધમ્મો।

જેનું મન ધર્મમાં છે, તેને સર્વ સુખો સ્વયં વરે છે.

ધર્મ = મૈત્ર્યાદિ ભાવયુક્ત આગમોક્ત અનુષ્ઠાન.

ધર્મ = કૃતજ્ઞતા-પરોપકારયુક્ત આગમોક્ત અનુષ્ઠાન.

## કૃતઘ્નતાથી કૃતજ્ઞતા તરફ કઈ રીતે જવું ?

તે માટે અરિહંત પરમાત્માના સુંદર બિંબ ભરાવવા,
મનોહર ચૈત્યો ઊભા કરી, તેમની અંજનશલાકા ઉપરાંત
પ્રતિષ્ઠાદિ કરી ભક્તિ કરવા દ્વારા ચૂકવી શકાય છે,
કેમકે જિનપ્રતિમા - જિનાગમ એ જિનેશ્વરતુલ્ય છે.
તેમના આરાધનથી આત્માનું જ્ઞાન અને દર્શન થાય છે,
નમસ્કાર કરવાથી અનાદિનો મિથ્યાત્વાંધકાર નાશ પામે છે,
તેમની પૂજા કરવાથી મોહશત્રુનો પરાભવ થાય છે,
આપણા આત્માની અનાદિ ગુણસંપત્તિ જે આવરિત
હતી, તે આવિર્ભાવ પામે છે તથા આઠે કર્મોથી મુક્ત
બની અજરામર સચ્ચિદાનંદ સ્વરૂપની પ્રાપ્તિ થાય છે.
એથી જિનભક્તિને શાસ્ત્રોમાં 'મુક્તિની દૂતિ' કહેવાય છે.
આવો, પરમ ઉપકારી પરમાત્માની, તેમના શાસનની,
તેમના સ્થાપેલા તીર્થની અને ચતુર્વિધ સંઘની ભક્તિ,
સેવા તથા વૈયાવચ્ચાદિ કરવા દ્વારા સ્વપર-
ઉભયના આત્માની ઉન્નતિ સાધીએ.

'પરોપકારઃ પુણ્યાય પાપાય પરપીડનમ્ ।'

પરપીડન ૧૮ પ્રકારે થાય છે, એ અઢારે પ્રકારોમાં હિંસા અનુસ્યૂત છે અને પર ઉપર ઉપકાર નવ પ્રકારે થાય છે અને એ નવે પ્રકારોમાં અહિંસા અનુસ્યૂત છે. જો બધા જ ભિન્ન છે, તો કોના ઉપર - શા માટે ક્રોધ?

જ્યાં ભિન્નતા વર્તે છે, ત્યાં જુદાઈની ભાવના, ક્રોધાદિ ભાવો કે કોઈ જીવો તરફથી ભય રહેતો નથી. ધર્મધ્યાનની સિદ્ધિ માટે ચાર ભાવનાઓ આવશ્યક છે.

મૈત્રીભાવનાનું સાધ્ય 'કમરહિત બનો' એ છે અને શાસનરસી ભાવનાનું સાધ્ય 'સાધનયુક્તતા' છે. ભવ્ય જીવો પ્રત્યે કૃપા, કરુણાયુક્ત અને પરોપકાર-ભાવવાળું ચિત્ત એ પ્રણિધાન છે. એના વિના બધી તુચ્છ અને દ્રવ્યક્રિયા છે. પ્રણિધાનાદિ ક્રિયાશુદ્ધિનું કારણ છે. 'યોગદૃષ્ટિ સમુચ્ચય'માં કહ્યું છે કે: 'ઉપયોગપૂર્વક સૂક્ષ્મ એવી પણ પરપીડા વર્જવી જોઈએ તથા તેની સાથ ઉપયોગપૂર્વક પરોપકાર કરવામાં સદા પ્રયત્નશીલ રહેવું.'

અલ્પકાળમાં મોક્ષે જનાર જીવના બે લક્ષણો:
મૈત્રીભાવનામાં બુદ્ધિ અને પરોપકારમાં ચિત્ત.

ગુરુવિનય, સ્વાધ્યાય, યોગાભ્યાસ અને પરાર્થકરણ -
એ કર્તવ્યતાની સાથે સાધુની સચ્ચેષ્ટા જાણવી.
આવી ચેષ્ટા સહ વિશુદ્ધ ભાવવાળા સુસાધુ શીઘ્ર
મૈત્રી, પ્રમોદ, કરુણા અને ઉપેક્ષા સિદ્ધિને પામે છે.
આ ભાવથી પરિણત થાય, ત્યારે અંતે મુક્તિ થાય છે,
પછી મુક્તિમાં આ ૪ ભાવના હોતી નથી.
ઉપકારી સ્વજનથી અન્યોમાં સામાન્યથી ૪ પ્રકારની
મૈત્રી હોય. મોહગર્ભિત, દુઃખગર્ભિત તથા જ્ઞાનગર્ભિત
વૈરાગ્યવાળાની હિતયુક્ત કરુણા હોય છે.
શ્રેષ્ઠ એવું પંચેન્દ્રિયપણું મેળવીને સર્વ જીવોએ
આત્મહિત કરવા યોગ્ય છે, જે પરોપકારથી થાય છે.

ધન્ય કોણ છે? જે પરોપકારી છે.

પરોપકારી પુરુષ બધાને અમૃતના અંજન સમાન છે.
મૈત્રીથી પવિત્ર - પાત્ર પરમાત્માને નમસ્કાર પામો.

બધા અનુષ્ઠાનો કરતાં પરોપકાર શ્રેષ્ઠ છે.
સજ્જનો પરોપકારમાં વ્યસ્ત રહેય છે.
સજ્જનો પોતાના કાર્યને ગૌણ કરીને
બીજાના કાર્યમાં ઉદ્યમ કરવાવાળા રહેય છે.
ફળોની ઉત્પત્તિ વડે વૃક્ષો નમ્ર બને છે,
પાણી વડે વાદળો ઘણી વિલંબ કરનારા રહેતાં નથી અને
સજ્જન પુરૂષો સમૃદ્ધિ વડે ઉદ્ધતાઈ વિનાના રહેય છે.
પરોપકારીઓનો આ જ સ્વભાવ છે.
પોતાની ઉપર બીજાએ કરેલા પરોપકારને
જે જાણે છે પણ છૂપાવતો નથી, તે કૃતજ્ઞ આત્મા છે.
તેવો આત્મા ઉપકારીને આદર - બહુમાન આપે છે.
સત્ત્વશાળી જીવ પરોપકારમાં આનંદ માને છે.
દાન પરોપકારમાં અને ચિત્ત પરલોકની ચિંતામાં રહેય,
એવા નિરૂપમ પુણ્યશાળીઓનો જન્મ ધર્મપ્રધાન થાય છે.
બીજાને દુ:ખ ન દેવું, પરોપકાર કરવો અને
સ્વચિત્તનું દમન કરવું, એ પુણ્યાનુબંધી પુણ્ય છે.

Three classes of Jivas (individuals):
(1) Some are immersed in maya / સ્વાર્થ.
(2) Some in good action - પરાર્થ / પરોપકારાર્થ.
(3) Few are set on eternal God / પરમાર્થ.
At least - Be in the second class.
Start the flow of giving and you will start the flow of supply.

Thought of what is gratifying will help concentration.
This is known as કૃતજ્ઞતા.

Gratitude is an enriching attitude, a source of countless blessings.

Give the first fruits to God and see that only the giver knows whence it comes.

## ચારે કષાયનું ઔષધ છે મૈત્રી.

કષાયોનું કામ છે આત્માને અવિરતિ કરાવવા અને
એમાં આડે આવનાર પ્રત્યે દ્વેષ - અરૂચિ કરાવવા.
સર્વ જીવ સાથે મૈત્રી અને પરમાત્માની ભક્તિ કરવા.
સુખ જીવમાત્રનું ધ્યેય છે. વાસ્તવિક સુખ અંદર છે,
તે પામવા માટે અંદર ગયાં વગર છૂટકો જ નથી.
અંદર જવા માટે ક્ષુદ્ર ભાવોથી મુક્ત અને
મૈત્રી - પ્રેમ આદિ પવિત્ર ભાવોથી યુક્ત થવું,
તે પ્રથમ શરત (condition) છે, પરન્તુ
વીતરાગ પુરૂષોના પરમ પવિત્ર ધર્મથી
તરવાને બદલે એમાં છિદ્રો કરી જીવો પોતાના જ હાથે
અજ્ઞાનવશ પોતાનું પરમ અહિત કરતાં જોઈ
હૃદય અત્યંત કરૂણા ભાવે દ્રવે છે.
શાસનમાં મૈત્રી તથા કરૂણાભાવ પુનઃ જીવિત થાઓ,
સકલ સંઘનું શ્રેય થાઓ, સર્વ જીવો સર્વ ક્ષેત્રે અને
સર્વ કાળે સર્વાંશે સુખી થાઓ, એવી નિર્મળ ભાવના.

## મૈત્ર્યાદિ વિશે ચંદ્રપ્રભસ્વામીનું સ્તવન

(રાગ - હાં રે મારે ધર્મજિણંદશું લાગી પૂરણ પ્રીત જો...)

હાં રે મારે ચંદ્રવદન જિન ચંદ્રપ્રભ જગનાથ જો,
દીઠો મીઠો ઈઠો જિનવર આઠમો રે લોલ;
હાં રે મારે મનડાનો માનીતો પ્રભુ આધાર જો,
જગસુખદાયક જંગમ સુર સાખી સમો રે લોલ... (૧)
હાં રે મારે શુભ આશય ઉદયાચલ સમકિત સૂર જો,
વિમલ દશા પૂરવ દિશિ ઉગ્યો દીપતો રે લોલ;
હાં રે મારે મૈત્રી મુદિતા કરુણા ને માધ્યસ્થ જો,
વિમલવિવેક સુલંછન કમલ વિકસ્વતો રે લોલ... (૨)

મહત્તમ સમ્યગ્દર્શન માટે ચાર ભાવના

शमसंवेगनिर्वेदकृपाऽऽस्तिक्यविराजितम् ।
मैत्री - प्रमोद - कारुण्य - माध्यस्थ्यैर्भावितात्मकम् ॥
उपमितौ - प्रस्ताव ४, पृ० ४५१, श्लोक २०५

मैत्रीकरुणामुदितोपेक्षाणां सुखदुःख-
पुण्यापुण्यविषयाणां भावनातश्चित्तप्रसादनम् । १-३३

'સહજમળ' એટલે...

જીવની કર્મના સંબંધમાં આવવાની પોતાની યોગ્યતા.

'તથાભવ્યત્વ' એટલે...

જીવની કર્મના સંબંધમાંથી છૂટવાની પોતાની શક્તિ.

તથાભવ્યત્વનો પરિપાક કરવા માટે...

જ્ઞાનીઓએ ચતુઃશરણગમન, દુષ્કૃતગર્હા અને
સુકૃતાનુમોદનાનો સરળમાં સરળ ઉપાય ઉપદેશ્યો છે.

'ભવ્યત્વસ્વભાવ' એટલે...

જીવની મુક્તિના સંબંધમાં આવવાની યોગ્યતા.

મોક્ષ અને મોક્ષમાર્ગ એટલે શું ?

પૂર્ણ નિર્મળ દશા તે મોક્ષ છે અને
તેના કારણરૂપે ઊણી નિર્મળ દશા તે મોક્ષમાર્ગ છે.

મોક્ષગમનની પાત્રતા નીતિ-નિયમોના પાલનથી,
કર્મલઘુતાથી અને તથાભવ્યત્વના પરિપાકથી આવે છે.

વિષયોને નમવાથી સહજમળનું બળ વધે છે,
પરમેષ્ઠિઓને નમવાથી તથાભવ્યત્વભાવ વિકસિત થાય.

સં. ૨૦૧૫, ચૈત્ર સુદી ૧૩

સમ્યગ્દર્શનની પ્રાપ્તિ આજ ગિરિરાજમાં...

નિર્મળત્વ એ જીવના શુદ્ધ દ્રવ્યોનો વિકાસ છે, એથી વિપરીત સહજમળ એ જીવનો સ્વભાવ છે. તેના દબાણે વિષય-કષાયમાં ખેંચાઈ અધોગમન કરવું, એ સ્વસ્વભાવ છે એમ માનવું, તે સમ્યગ્દર્શન છે. એ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ આજ ગિરિરાજની યાત્રાથી થઈ, તેથી આ વખતની યાત્રા પણ સફળ થઈ.

નિમિત્તો પાડનાર નથી પણ ઊંચે ચઢાવનાર છે. 'જીવ નીચે પડે તે નિમિત્તો નહિ પણ પોતાના કારણે' એમ માનીએ, તો જ સહજમળને માન્યું કહેવાય.

પ્રત્યેક દ્રવ્ય - ગુણ - પર્યાયના પરિણમન ઉપર દ્રવ્ય - ક્ષેત્ર - કાળ - ભાવની અસર થયાં જ કરે છે, તેથી જીવનું ઊર્ધ્વ પરિણમન સકળ સિદ્ધ દ્રવ્યો અને શુદ્ધ જીવોના શુદ્ધ પરિણમનની અપેક્ષા રાખે છે. તેઓનો અનુગ્રહ પામીને જીવનું નિર્મળત્વ વિકસે છે.

શ્રી આબુજી તીર્થની આ યાત્રાની આરાધનાથી
જે બે અદ્ભુત તત્ત્વો પ્રાપ્ત થયાં, તે છે:
સ્વભાવ અને [illegible] યથાર્થ સમજણ.
'જ્યારે પણ જીવ ઉપર અશુભનું દબાણ વધી જાય,
ત્યારે તેમાં કોઈ બાહ્ય કારણનું બળ છે'
એ કલ્પના ભ્રાન્ત છે, કિન્તુ મુખ્ય બળ સ્વભાવનું છે.
શુભ તત્ત્વનું જોર વધી જાય, ત્યારે તે પરમેષ્ઠિ ભગવંતો
અને બાહ્ય નિમિત્તોનો પ્રભાવ છે, એમ જ સમજવું.
બાહ્ય નિમિત્તો બળવાન છે પણ જીવને ઊંચે લઈ જવા.
નીચે પડવા બાહ્ય નિમિત્તો કારણ નથી, પરન્તુ
પોતે પોતાના કારણે જ પડે છે.
જેમ ઉપર ચઢવા માટે નિઃસરણી આવશ્યક છે,
કિન્તુ પડવાની ક્રિયા કોઈના આધારે થતી નથી,
પરન્તુ સ્વયમેવ થાય છે, તેમ
આપણા જીવનું ઊર્ધ્વગમન પણ આલંબનોથી અને
આપણા જીવનું પતન સ્વયમેવ જ થાય છે.

જો કોઈ શુભ કર્મો થાય છે, તે સર્વ કોના કારણે?

દરેક શુભ કર્મો સર્વ પરમેષ્ઠિ ભગવંતોની કૃપાથી,
અનંતા સિદ્ધ ભગવંતો, અસંખ્યાતા દ્રવ્ય અરિહંતો,
વિહરમાન જિનેશ્વરો, સંખ્યાતીત સાધુ ભગવંતો,
અસંખ્ય સમ્યગ્દ્રષ્ટિ દેવ - દેવેન્દ્રો, મનુષ્યો, ચક્રવર્તીઓ,
નારકી, તિર્યંચો આદિના સર્વના શુભ ભાવથી અને
પ્રભાવથી જે સતત તથાભવ્યત્વ વિકસે છે,
તેનાથી જ સઘળાં યે શુભ કર્મ થાય છે.

આમ ઊંચે જવામાં આલંબન આપનાર સમગ્ર વિશ્વ છે.
અનાદિ સતતગમન ઘટવાનું કારણ પંચ પરમેષ્ઠિ છે,
તેમાં પણ મુખ્ય આ સિદ્ધ ભગવંતોની સુસ્થિતતા છે.

આ સિદ્ધ ભગવંતોનું શુદ્ધ પરિણમન
જગમાત્રને ઉત્ક્રાંતિના માર્ગે દોરી જાય છે.

એક દ્રવ્યનું પરિણમન અન્ય સકલ દ્રવ્યોના પરિણમનની
અપેક્ષા રાખે છે. આ સિદ્ધ દ્રવ્યોનું પરિણમન - વિશ્વનું
ઉર્ધ્વગામી પરિણમન તેમના સ્વભાવથી જ કર્યા કરે છે.

## સ્વચ્છંદના દબાણમાંથી છૂટવા શું કરવું ?

'જીવ ઊંચે ચઢે છે, તે નિમિત્તોના પ્રભાવે' આમ જો માનીએ, તો જ તથાભવ્યત્વને માન્યું કહેવાય, કેમકે તથાભવ્યત્વ નિમિત્તોને પામીને જ વિકાસ પામે છે. પોતાની મરજી તથાભવ્યત્વનો વિકાસ નથી, જ્યારે

સ્વચ્છંદ તો પોતાની મરજી જ કાર્ય કરે છે.

તથાભવ્યત્વ દ્રવ્યાદિની સહાય પામીને જ વિકસે છે. સમગ્ર સૃષ્ટિ અને તેમાં રહેલા દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવો જીવનાં તથાભવ્યત્વના વિકાસમાં પ્રતિપળ સહાય કરી રહ્યા છે, તેથી જીવે તે તરફ કૃતજ્ઞ રહેવું જ જોઈએ.

જે કાંઈ જીવનાવિકાસ અટકી રહ્યો છે,

તે આ કૃતજ્ઞતાના અભાવે જ છે અને

તેના અભાવમાં મૂળ કારણ સ્વચ્છંદનું દબાણ છે.

સ્વચ્છંદના દબાણમાંથી છૂટવા જીવનો સતત પુરુષાર્થ હોવો જોઈએ અને સ્વચ્છંદમાંથી તો જ છૂટાય કે જો સમગ્ર સૃષ્ટિના તે ભાવો પ્રત્યે કૃતજ્ઞતાભાવ કેળવાય.

સહજમલનો હ્રાસ - ભવ્યત્વભાવનો વિકાસ 3 સાધનોથી:

(૧) દુષ્કૃતગર્હા - તેનો પ્રતિબંધક મુખ્યત્વે રાગદોષ છે, જે આત્માના જ્ઞાનગુણ દ્વારા જિતાય છે.

(૨) સુકૃતાનુમોદન - સુકૃતાનુમોદનનો પ્રતિબંધક દ્વેષદોષ છે, જે આત્માના દર્શનગુણ દ્વારા જિતાય છે.

(3) અરિહંતાદિ ચારનું શરણાગમન - તેનો પ્રતિબંધક મોહદોષ છે, જે આત્માના ચારિત્રગુણ વડે જિતાય છે. જ્ઞાનીઓનો નિર્ધાર છે કે: 'અરિહંતાદિ ચારના આશ્રય સિવાય બીજા કોઈનો આશ્રય કારગત નિવડે જ નહીં.' જ્ઞાનગુણ મંગલરૂપ - દર્શનગુણ લોકોત્તમસ્વરૂપ અને ચારિત્રગુણ શરણાગતિરૂપ છે. રત્નત્રયીનો વિકાસ આત્માની મુક્તિગમન - યોગ્યતાનો પરિપાક કરે છે અને સંસારભ્રમણ - યોગ્યતાનો નાશ કરે છે.

જ્ઞાનગુણની પરાકાષ્ઠા 'નમો' ભાવમાં છે,
દર્શનગુણની પરાકાષ્ઠા 'અર્હં' ભાવમાં છે અને
ચારિત્રગુણની પરાકાષ્ઠા 'શરણ' ભાવમાં છે.

શરણાગમન એ નગદ નાણું છે.

દુષ્કૃતગર્હા અને સુકૃતાનુમોદના તે
શરણાગમન રૂપ એક જ સિક્કાની બે બાજુઓ છે.
જ્યારે દુષ્કૃતનો ભય લાગે, ત્યારે
દોષરહિતનું શરણ સ્વીકારવાની મનોવૃત્તિ થાય છે.
જ્યારે સુકૃતનો પ્રેમ જાગે, ત્યારે સુકૃતના ભંડાર એવા
શ્રી અરિહંતાદિનું શરણ ઈષ્ટ લાગે છે.
શ્રી અરિહંતાદિનો નમસ્કાર દુષ્કૃતગર્હા અને
સુકૃતાનુમોદનાનું પરિણામ છે, તેથી તે
એક બાજુ સહજમલનો હ્રાસ કરે છે અને
બીજી બાજુ જીવના ભવ્યત્વભાવનો વિકાસ કરે છે.
સહજમલ ઘટવાથી પાપનો નાશ થાય છે અને
ભવ્યત્વ પરિપક્વ થવાથી મંગલની વૃદ્ધિ થાય છે.
સહજમલ ઘટે એટલે ભવ્યત્વ પાકે અને
ભવ્યત્વ પાકે એટલે સહજમલ ઘટે -
આમ પરસ્પર એકબીજાનો સંબંધ છે.

શ્રી અરિહંતાદિનો નમસ્કાર તે

શ્રી જિનશાસનરૂપી સામ્રાજ્યનું નગારું વાગ્યું છે.

તે વાજાંની એક બાજુ દુષ્કૃતગર્હાની છાપ છે અને

બીજી બાજુ સુકૃતાનુમોદનાની છાપ છે.

નમસ્કારની ક્રિયા સંસારની વિમુખતા કરાવીને મોક્ષની સન્મુખતાને સાધે છે, તેથી તે પુનઃ પુનઃ કર્તવ્ય જ છે.

નમસ્કાર, દુષ્કૃતગર્હા અને સુકૃતાનુમોદના

એ ત્રણે ય મળીને ભવ્યત્વ પરિપાકનો ઉપાય બને છે.

સંસારની વિમુખતા - મોક્ષની સન્મુખતા

સહજમલ જીવને સંસાર તરફ અને તથાભવ્યત્વભાવ જીવને તેની મુક્તિ તરફ ખેંચે છે. સહજમલના હ્રાસથી પાપના મૂળનો નાશ થાય અને તે દુષ્કૃતગર્હા વડે સાધ્ય છે. તથાભવ્યત્વના વિકાસથી ધર્મનાં મૂળનું સિંચન થાય છે અને જે સુકૃતની અનુમોદના દ્વારા સાધ્ય છે.

મોક્ષને ન ગમવાથી - અમોક્ષને ગમવાથી સહજમલ વધે.

મોક્ષને ગમવાથી - અમોક્ષને ન ગમવાથી તથાભવ્યત્વ વિકસે.

શરણાગમન દ્વારા દુષ્કૃતગર્હા તથા સુકૃતાનુમોદના -
ઉત્પન્ન થાય છે, કેમકે જેનું શરણું ગ્રહણ થાય છે,
તેઓનો સહજમલ સર્વથા નાશ પામ્યો છે અને
તેઓનું તથાભવ્યત્વ પૂર્ણપણે વિકાસ પામ્યું છે.

સહજમલ તે પરપુદ્ગલના સંબંધમાં આવવાની શક્તિ છે.
દુષ્કૃતમાત્ર તે શક્તિનું પરિણામ છે.

જ્યારે તે શક્તિનું જોર ઘટી જાય છે, ત્યારે
પરના સંબંધમાં આવવાની ઇચ્છામાત્રનો વિલય થાય છે.
પરને આધીન સુખને પામવાની ઇચ્છા નષ્ટ પામવાથી
સ્વાધીન સુખ પામવાની જે ઇચ્છા વિકાસ પામે છે,
તે જ તથાભવ્યત્વનો વિકાસ છે.

મુક્તિનાં પાંચે ય કારણો ઉપર શુભ ભાવનું પ્રભુત્વ

ગર્હા સહજમલનો નાશ કરે છે અને
અનુમોદન ભવ્યત્વનો વિકાસ કરે છે.
તેના પ્રભાવે મુક્તિનાં પાંચે ય કારણો આવી મળે છે.
તેથી પાંચે ય કારણો ઉપર પ્રભુત્વ શુભ ભાવનું છે.

આપણા દુષ્કૃતને નિરંતર યાદ કરવાથી
સુકૃતનું સાચું અનુમોદન - દુષ્કૃતની ભાવથી નિંદા થાય.

નિંદા સહજમળનો હ્રાસ કરે છે, જ્યારે
અનુમોદના તથાભવ્યત્વનો વિકાસ કરે છે,
તેથી મુક્તિના પાંચે કારણ આવી મળે છે.
તથાભવ્યત્વથી આક્ષિપ્ત કાળાદિ અને
કાળાદિથી આક્ષિપ્ત તથાભવ્યત્વાદિ બને છે તથા
પરસ્પર એકબીજાની અપેક્ષા રાખીને
મુક્તિના પાંચે કારણો કાર્યસિદ્ધિ કર્યા કરે છે.

'ભવમાતા' એટલે શું ?

જીવપ્રદેશ પરિસ્પંદ લક્ષણ આત્માની વૃત્તિઓ છે.
તે યોગ્યતાને 'ભવમાતા' કહી છે.
તેના ક્ષયથી જ વૃત્તિનો સંક્ષય થાય છે.
તે યોગ્યતાનો ક્ષય તથાભવ્યત્વના પરિપાકથી થાય છે.
તથાભવ્યત્વનો પરિપાક યોગરૂપી ઉપાયથી થાય છે.
યોગનો ઉપાય ઉત્સાહાદિ અને આગમાદિ છે.

પોષ વદી ૧૦, સં. ૨૦૨૭

'અસંયમ' એટલે કર્મના સંબંધમાં આવવાની યોગ્યતા.

'ભવ્યત્વ' એટલે ધર્મના સંબંધમાં આવવાની યોગ્યતા.

મમતાનું કારણ કર્મ અને તેનું કારણ અસંયમ છે.

સમતાનું કારણ ધર્મ અને તેનું કારણ તથાભવ્યત્વ છે.

કર્મ એ મમકાર છે અને ધર્મ એ સમકાર છે.

કર્મ એ પાપ છે અને ધર્મ એ મંગળ છે.

નવકાર મમકારથી વિરુદ્ધ હોઈ અસંયમનો નાશ કરે છે.

નવકાર સમકારને પોષક હોઈ ભવ્યત્વનો પરિપાક કરે છે.

અસંયમના કારણે મમકાર અને તેના કારણે કર્મ બંધાય.

ભવ્યત્વના કારણે આત્મામાં સમકાર થાય છે અને

સમકારના કારણે જીવને કર્મક્ષય થાય છે.

ધર્મ અને તથાભવ્યત્વને સંબંધ છે તથા

કર્મ અને અસંયમને સંબંધ છે.

ધર્મલાભ માટે તથાભવ્યત્વનો પરિપાક કરવો અને

કર્મક્ષય માટે અસંયમનો હ્રાસ કરવો એ જ ઉપાય છે.

ચૈતન્યમાત્ર પૂજનીય છે - જડમાત્ર અપૂજનીય છે.

અપૂજ્યની પૂજા અને પૂજ્યની અપૂજા -
એ જ જીવની અયોગ્યતા તથા ભવભ્રમણ છે.

પૂજ્યની પૂજા અને અપૂજ્યની અપૂજા -
એ જ જીવનું ભવ્યત્વ અને મુક્તિગમન યોગ્યત્વ છે
તથા ધર્મની સાથે સંબંધ કરાવી આપનાર છે.

વસ્તુસ્વભાવરૂપ ધર્મ નિર્મળ આત્માનો સ્વભાવ છે.

વિષયો પ્રત્યે આદરવાળા જીવને પરમેષ્ઠિઓ પ્રત્યે
આદરવાળા બનાવવાથી આપોઆપ જ
ભવભ્રમણનો હ્રાસ અને ભવ્યત્વનો પરિપાક થાય.

આત્મા આંતર અને પુદ્ગલ બાહ્ય જગતનો વિષય છે.

પુદ્ગલનો રાગ ભવભ્રમણનું કારણ છે.
તેને પલટીને ચેતનનો અનુરાગ જગાડવો.
એ અનુરાગ ભવ્યત્વને વિકસાવે છે.
એ શુભ ભાવ દ્વારા બે કાર્ય એક સાથે થાય છે:
ભવ્યત્વનો પરિપાક અને ભવભ્રમણનો હ્રાસ.

સમદૃષ્ટિ જીવો જગતના જીવોનું વશીકરણ છે.

સહજમલ સૌ જીવને પૂજ્યની અપૂજા અને
અપૂજ્યની પૂજા તરફ પ્રેરે છે.

તથાભવ્યત્વ જેમ જેમ પરિપક્વ થતું જાય છે,
તેમ તેમ આપણો જીવ પૂજ્યની પૂજા અને
અપૂજ્યની અપૂજાના વલણવાળો બનતો જાય છે.

નમસ્કારનો આદર તથાભવ્યત્વના પરિપાકને સૂચવે છે
અને તેનો અનાદર એ સહજમલની વૃદ્ધિ જણાવે છે.
સહજમલની વૃદ્ધિથી જીવ વિષયોના આકર્ષણવાળો રહે,
ભવ્યત્વના પરિપાકથી પરમેષ્ઠિઓની ભક્તિવાળો બને છે.

પરનો ગુણ સ્વીકારવાથી યોગ્યતા વિકસે અને
પરને ગુણ કરવાથી અયોગ્યતા નાશ પામે છે. યોગ્યતા
વિકસવાથી (સહજમલ જવાથી) તથાભવ્યત્વનો પરિપાક
થાય અને અયોગ્યતા જવાથી સહજમલનો હ્રાસ થાય છે.
સહજમલનું બીજું નામ જ સ્વાર્થવૃત્તિ રૂપી મલ છે,
ઉપાય તેના પાછળ લાગેલાર અસાન છે.

કર્મનું કારણ અજ્ઞાન અને ધર્મનું કારણ તથાભવ્યત્વ છે.

એ બંને ગુણો જીવમાં અનાદિકાલીન સહજતાથી રહેલા છે, તેથી એકનો નાશ અને બીજાનો વિકાસ અર્થાત્ કર્મનો ક્ષય અને ધર્મની પ્રાપ્તિ - એમ બંને કાર્ય એક સાથે જેનાથી થાય છે, તે નવકાર ઉપર અત્યંત રાગ કેળવવો, એ જીવનું પરમ કર્તવ્ય છે. એથી ભવભયથી ત્રાણ, કર્મરોગની ચિકિત્સા અને મોહવિષનો અપહાર થાય છે. અજ્ઞાનના પ્રભાવે જ મોહનું વિષ, કર્મનો રોગ અને ભવની પીડા જીવને ભોગવવા પડે છે, તે ત્રણેથી ઉગરી જવાની ઇચ્છાવાળાઓએ અજ્ઞાનનો નાશ કરી આપનારા સાધનોનું સેવન કરવું જોઇએ. તે સાધનોમાં સર્વશ્રેષ્ઠ, પ્રધાન અને પ્રથમ કારણ શ્રી નવકાર છે.

નવકારના સેવનથી મોહવિષ ઘટે છે,

ભવની પીડાનો ભય મટે છે અને કર્મરોગ જાય છે.

ભવ્યત્વ સ્વભાવ ધર્મની સાથે સંબંધ કરી આપે છે,

અજ્ઞાન જીવને કર્મની સાથે સંબંધ કરી આપે છે.

## સહજમળનું નિવારણ શેનાથી થાય ?

આ નિવારણ અહંકાર માટે થતાં પરોપકારથી થતું નથી પણ પરને આત્મતુલ્ય સમજીને, સ્વના ઉપકાર જેટલો જ ઉપકારનો અધિકારી પર થાય છે, એમ ધારીને સ્વાર્થવૃત્તિરૂપી મળને નિવારવા માટેના આલંબનરૂપે થતો પરોપકાર - પરંતુ કાર્ય જ સદ્ગુણ ગણાય છે. પરોપકાર વડે સ્વાર્થવૃત્તિરૂપી સહજમળનો વિનાશ થાય અને કૃતજ્ઞતા વડે સ્વાર્થવૃત્તિમાંથી મુક્ત થવાની જીવની સહજ યોગ્યતાનો વિકાસ થાય છે.

કહ્યું છે કે : ભવ્યત્વનો પરિપાક કરનાર સદ્ગુણ એ કૃતજ્ઞતા છે, જે નમ્ર પદથી સૂચિત ગુણ છે અને સહજમળ એ સ્વાર્થાંધતા રૂપી દુર્ગંધ છે.

સહજમળનો હ્રાસ કરવા માટે યોગ અને ઉપયોગની શુદ્ધિ વધારવી જોઈએ, જે આ નવકાર જાપથી વધે છે. તેના બળે જ મોહનીય કર્મનો તથા સહજમળનો હ્રાસ અને તથાભવ્યત્વનો પરિપાક થાય છે.

મુક્તિ માટેની જીવની સ્વાભાવિક યોગ્યતાનો વિકાસ
નમ્રતા, કૃતજ્ઞતા અને પ્રભુની ભક્તિ કરે છે,
તેનાથી દર્શનમોહ નાશ થાય અને દૃષ્ટિદોષ ટળે છે,
ચારિત્રમોહ નાશ થાય અને વર્તનદોષ ટળે છે.

'નમો' પદ દૃષ્ટિ સુધારે છે.

'અરિહંતાણં' પદ વર્તન સુધારવા માટે પ્રેરણાદાયક બને છે.

દૃષ્ટિદોષ ટળ્યાં પછી મુખ્ય તેમાં સ્થિરત્વ લાવનાર
છે સહજમળનો હ્રાસ કરનાર ક્રિયામાં ઉચિતતા,
સ્વાર્થની ઉપસર્જનતા અને પરાર્થરસિકતા. નમસ્કારથી
સહજમળનો હ્રાસ થઈ, તથાભવ્યત્વનો વિકાસ થાય.

આ સૃષ્ટિ ઈશ્વરેચ્છાનું ફળ છે.

એનું તાત્પર્ય સહજમળના કારણો છે.

સૃષ્ટિની ઉત્પત્તિમાં સહજમળ અનાદિથી લેપવાળી
કારણ અને ઈચ્છાસ્વરૂપ છે, કેમકે
તે કર્મના સંબંધમાં આવવાની યોગ્યતારૂપ - ઈચ્છારૂપ છે.
એ અનાદિ લેપવાળી 'શાથી છે?' એ પ્રશ્ન અસ્થાને છે.

'સહજમલ' એટલે આત્માના મૂળ દોષમળ.

આપણામાં 'બધા આત્માઓ સ્વ-સમાન છે' એ ભાનનો અભાવ છે, એટલું જ નહીં પણ એ પૌદ્ગલિક ભાનના અભાવે જ સઘળાં રાગ-દ્વેષ અને તેના ઈર્ષ્યા-અમર્ષ આદિ ફરજંદો પેદા થાય છે. વિષયાસક્તિ પણ એનાથી જ જન્મે છે અને વધે છે, તેથી સર્વ દોષોની જનની, મમતાની ય માતા એ પૌદ્ગલિક અભાનતા છે. અભાન, સ્વાર્થ વગેરે દોષોને પોષનાર હોવાથી તે મૂળ મળ જે 'સહજમલ' શબ્દથી ઓળખાય છે.

અરિહંતોની આજ્ઞા કેવી છે?

સિદ્ધાણં = સિદ્ધ છે, આયરિયાણં = આચારપ્રધાન છે,

ઉવજ્ઝાયાણં = અધ્યયનપ્રધાન તથા

સાહૂણં = સાધનાપ્રધાન છે.

ભેદ - ઉદ્દેશની તથાભવ્યત્વ પકવનારી શ્રુતાધ્યયન અને આચારની સાધનાપ્રધાન એવી સર્વ અરિહંતોની આજ્ઞા મને પ્રમાણ છે, તેને નમસ્કાર થાઓ.

આ નવકાર મંત્ર દ્વારા પંચપરમેષ્ઠિને નમસ્કાર થવા સાથે તેમના આત્માને પણ નમસ્કાર થાય છે. સાધનાની સફળ સામગ્રીઓ પ્રત્યે અંતરથી આદર બહુ જગાવાય છે.

હું અરિહંત - સિદ્ધાદિ પોતાના આત્માનાં જ
પાંચ ભાવિ પર્યાયોને નમસ્કાર કરું છું'

એ અભેદ નમસ્કાર 'એસો પંચનમુક્કારો' પદમાં છે. તે સકળમળ રૂપી પાપનો નાશ કરીને ત્રૈકાલિકાત્મના ઐશ્વર્ય રૂપી સર્વશ્રેષ્ઠ મંગળની સદા પ્રાપ્તિ કરાવે છે.

## ચિત્તવિશુદ્ધિ અને ચિત્તમાલિન્ય

ચિત્તમાલિન્ય = જીવતત્ત્વ ઉપર અજીવતત્ત્વની પક્કડ.

તેમાં આત્મા કર્મોને બાંધવામાં સ્વતંત્ર છે અને
ઉદય પ્રાપ્ત કર્મોને ભોગવવામાં પરતંત્ર છે.

સિદ્ધો પાસેથી જીવ ચિત્તવિશુદ્ધિનો ક્રમ પ્રાપ્ત કરે, તેમાં તેમનો અનુગ્રહ એ પરતંત્રતા - પુરુષાર્થ સ્વતંત્રતા છે.

જે કાંઈ અશુભ કર્મ થાય, તેમાં અનાદિ સહજમળનું જ દબાણ મુખ્ય છે, બાહ્ય નિમિત્તો તો તેમાં ગૌણ છે.

આત્મા અને કર્મમાં પરિવર્તન લાવનાર
તે બેમાં રહેલી પરસ્પરના સંબંધમાં આવવાની યોગ્યતા છે.

આમ 3 તત્ત્વો થયાં: (૧) પરિણામી નિત્ય આત્મા (૨) વસ્તુ સત્ કર્મ (3) યોગ્યતારૂપ ભવિતવ્યતા - સહજમળ.

પ્રત્યેક જીવમાં યોગ્યતાનો ભેદ છે.

પૃથ્વી આદિ ભૂતો એ ભેદક જ અવસ્થાંતર પ્રાપક છે. એથી મળતાં વૈષયિક સુખો, રાગ-દ્વેષ-મોહાદિ સંક્લિષ્ટ દોષો, અસદાચરણના કારણ રૂપ પદાર્થો અદ્વૈતવાદમાં ન ઘટે. પદાર્થો ન માનવાથી લોકવિરોધ આવે - માનવાથી અદ્વૈત ન રહે

અને મુમુક્ષુ રૂપ માનવાથી નામમાત્ર રહે.

વળી રાગ-દ્વેષ-મોહ માનવા જતાં વિજ્ઞાનાદ્વૈત ન રહે. કાલ્પનિક કહેતાં કલ્પના જ નિર્બીજ ન હોય. વસ્તુશૂન્ય વિષયને કલ્પના કહેવામાં આવે તો જ દ્વૈત થાય. કલ્પના નિર્બીજ માનતા મોક્ષ અને સંસાર બન્ને વસ્તુશૂન્ય બને.

તેથી જીવ, કર્મ અને તથાવિધ યોગ્યતા -
એ ત્રણે સંસાર અને મોક્ષના કારણ માનવા જોઈએ.

નમસ્કારનું પ્રયોજન સહજમળનો હ્રાસ (સંવર) અને
તથાભવ્યત્વનો વિકાસ (નિર્જરા) છે.

ભાવ જેટલા પ્રમાણમાં ભવ કે સ્વાર્થ પાછળ રોકાય,
તેટલા પ્રમાણમાં આપણો નમસ્કાર અધૂરો રહે છે.

'ભાવસંકોચ' એટલે ભવવિસ્તાર.

'ભવવિસ્તાર' એટલે સહજમળની પુષ્ટિ.

સહજમળ જીવમાત્રના મનને પોતાની દિશામાં ખેંચે છે,
એટલે સદા જીવની આસપાસ અમંગળનું
અતિ શ્યામળ વાતાવરણ બંધાઈ રહે છે.

અહીં જગતના સર્વ જીવો ભવનો અંત અપાવવા માટે
વિધાન હોવા છતાં પહેલો 'સ્વ' યાદ આવી જાય, તે
જ જિનેશ્વર દેવ ન ઓળખાયા હોવાની નિશાની છે.

સહજમળનો નાશ કરવા માટે વજ્રથી પણ કઠોર અને
ભવ્યત્વના પરિપાક માટે પુષ્પથી ય મૃદુ હૃદય જોઈએ.
હૃદયની આર્દ્રતા, કુમાશ તથા કોમળતા વિના અન્યને
સુખ અને સંતોષ આપવાની શક્તિ આવતી નથી.

## કેવી દૃષ્ટિ શુદ્ધ છે?

એ દૃષ્ટિ શુદ્ધ છે કે: 'મારો અપકાર મારાથી જ થાય અને મારો ઉપકાર મારા સિવાય બધાની સહાયથી જ થાય. હું નીચે પડું છું, તેમાં હું એકલો જ કારણ છું તથા ઊંચે ચઢું છું, તેમાં મારા સિવા અનેક આલંબનો કારણ છે.'

આમ માનવાનું મૂળ કારણ એ છે કે જીવ પોતે અનાદિકાળથી કર્મના ભારથી ભારે છે જ, તેથી પતનમાં તે ભાર કારણ છે. તે કર્મનો ભાર બીજાના કારણે નથી પણ પોતાના જ કારણે છે, એમ 'સહજમળ' શબ્દ કહે છે. ભારે જીવ પણ ઊંચે આવે છે, તેમાં તેને આલંબનની જરૂર છે. એ મળે તો જ તેની સહાયથી તે ઊંચે જઈ શકે. ઊંચે જવામાં સ્વની યોગ્યતા ઉપરાંત બહારની સહાયનો ઉપકાર સ્વીકારવો, એનું જ નામ 'કૃતજ્ઞતા ભાવ' છે. પર પ્રત્યે કૃતજ્ઞ અને સ્વ પ્રત્યે કઠોર રહેવું જોઈએ, તેથી જ મહાપુરુષો સ્વ પ્રત્યે વજ્રથી ય કઠોર રહે છે અને પર પ્રત્યે કુસુમથી પણ કોમળ રહે છે.

જીવ ઉપર અજ્ઞાનનું દબાણ વધતું જાય છે કે
તે ન ઈચ્છે, તો ય તેને વિષય-કષાયમાં ફસાવું પડે છે.
ઈંદ્રિયોના સુખ અને અસાર વિષયોમાં તેને
હંમેશા માટે મહત્ત્વ અને સારભૂતતા ભાસે છે.
ક્રોધાદિ કષાયો વિષ સમાન હોવા છતાં
તેનું પાન કરવા માટે તે સદા ય તલસે છે તથા તેમાં
'હું કાંઈ ખોટું કરું છું' તેવું ભાન સુધ્ધાં તેને રહેતું નથી.
એ રીતનું અજ્ઞાનનું દબાણ
હંમેશા તેને નીચે પડવામાં સહાય કરી રહ્યું છે.
બીજી બાજુ તથાભવ્યત્વ તેને ઊંચે લઈ જવા દબાણ
કરીને ઈંદ્રિયોના વિષયોમાં નહીં, પરન્તુ
આત્મગુણોમાં સારભૂતતાનો ખ્યાલ આપ્યા કરે છે.
ક્રોધાદિ કષાયોમાં નહીં પણ જીવો પ્રત્યે મૈત્ર્યાદિ ભાવોમાં
તે અમૃતતુલ્ય આસ્વાદનો અનુભવ કરાવવા તલસે છે.
એ પછી સત્સંગતિ અને સત્શાસ્ત્રોના જોરે
એવું ભાન તેને ક્વચિત્ થયાં કરે છે કે:

ચારે કષાયો તો કટુક વિપાકને આપવાવાળા છે અને

મૈત્ર્યાદિ ભાવો અમૃતતત્ત્વને- અજરામરપણાંને પમાડે છે,

એ રીતે સંજ્વલન અને તથાભવ્યત્વ

બંને પરસ્પર વિરુદ્ધ વૃત્તિઓને પેદા કરે છે.

સંજ્વલનનું દબાણ જેમ જેમ અનુભવાય,

તેમ તેમ તેના તરફ વૈરાગ્યભાવ વધે અને

ભવ્યત્વભાવનો વિકાસ કરવા દરેક

આલંબનો તરફ અનુરાગભાવ વધતો જાય છે.

'ભવની પ્રીતિના પરના કૂંપળો વિકસે છે તથા,

ભવની અપ્રીતિના સ્વના કૂંપળો રહેલા છે.'

આ વિચાર મુક્તિમાર્ગમાં પરમ સહાયક છે.

કષાય હંમેશા પરની ભૂલને વિચારવાથી થાય છે,

નહીંતર કષાયનું કોઈ નિમિત્ત રહેતું નથી.

સ્વની ભૂલ જોનારનો કષાય શમી જાય છે,

પરથી તો હંમેશા ગુસ્સો જ થાય છે.

પછી તે પર અનુકૂળરૂપે કે પ્રતિકૂળરૂપે વર્તતું હોય.

## કેવું દ્રષ્ટિબિન્દુ ઊંચે આવવા સહાયક ?

અનુકૂળરૂપે વર્તતું તો સહાયક છે જ પણ પ્રતિકૂળરૂપે
પરિણમતું પર પણ કષાયનો પરિપાક કરવા માટે અને
સહજમળના દબાણમાંથી છૂટવા માટે અત્યંત સહાયક છે.
આ દ્રષ્ટિબિન્દુ આપણને પર પ્રત્યે કૂણતા ભાવવાળા
તથા સ્વ પ્રત્યે કઠોરતા ભાવવાળા બનાવે છે.
સ્વ પ્રત્યે કઠોરતા સહજમળનો ધ્વંસ કરે છે.
પર પ્રત્યે કૂણતા ભવ્યત્વભાવનો વિકાસ કરે છે.
પરગુણ અને સ્વદોષ એટલા માટે વિચારવાના છે કે
સ્વ એ સહજભાવે દોષથી ભરપૂર છે અને
પર એ પરને ગુણ કરનાર જ થાય છે,
પછી ભલે પોતાને દોષરૂપ પણ બનતું હોય.
જગતનો સ્વભાવ જ એવો છે કે
પદાર્થમાત્ર દોષિત સ્વના અને શુદ્ધ પરના કારણે બને છે.
આપણને સૌને ખબર જ છે કે:
પોતાં કપડાંની શુદ્ધિ સ્વથી નહીં પણ પરથી જ થાય છે.

સ્વનો વિચાર કર્મબંધનો અને
સર્વનો વિચાર કર્મક્ષયનો હેતુ છે.
સ્વનો વિચાર સ્વજનમનના કારણે સ્વજન બની ગયો છે.
સર્વના વિચારનો પ્રયત્ન જ
સાધક આધ્યાત્મિક ભવ્યત્વભાવનો વિકાસ કરે છે.
સકલ પંચપરમેષ્ઠિનું બહુમાન, ધ્યાન, પૂજન અને સત્કાર
સર્વના વિચારને ઉત્તેજક છે.
સર્વના વિચારનું બહુમાન એ જ પંચપરમેષ્ઠિનું બહુમાન છે.
પંચ પરમેષ્ઠિ જે કારણથી પરમપદે બિરાજમાન છે,
તે કારણ છે 'સર્વની હિતચિંતા'. ત્યાંથી જ ધર્મધ્યાન
અને એના આગળથી ધર્મવિજ્ઞાનનો પ્રારંભ થાય છે.
ધર્મધ્યાન અને ધર્મઅનુષ્ઠાનમાં ધર્મશક્તિ
સર્વના વિચારના કારણે જ ઉત્પન્ન થાય છે.
સર્વના વિચાર વિના Cosmic viewpointથી
જગતનો વિચાર કર્યા વિના ધર્મશક્તિ પેદા ન થાય અને
તે શક્તિ પેદા થયાં વિના આર્તધ્યાનથી મુક્ત થવાતું નથી.

# બે મહત્ત્વના દૃષ્ટિબિંદુઓ

'સર્વ જીવ આત્મતુલ્ય છે' અને
'આપણો આત્મા પરમાત્મતુલ્ય છે'
- એ બે દૃષ્ટિબિંદુને પ્રત્યક્ષ કર્યા વિના
ધર્મ કે મોક્ષ - બેમાંથી એકેયનો પુરુષાર્થ શરૂ થતો નથી.
જીવના વિચારમાં, અધ્યવસાયમાં, વાણીમાં અને ધ્યાનમાં
અદ્ભુત અચિન્ત્ય શક્તિ રહેલી છે કે જે શક્તિના
પ્રભાવ દ્વારા સ્વર્ગાપવર્ગના સુખો હસ્તગત થાય છે.

## ધ્યાનનો આશ્રય

સહજમલના કારણે સ્વના નાના કુંડાળામાં જે ધ્યાનશક્તિ
વપરાઈ રહી છે, તેને સર્વના વિશાળ ક્ષેત્રમાં વાળવા
માટે આજ્ઞાવિચયાદિ અને પિંડસ્થ - પદસ્થાદિ ધ્યાનો
શાસ્ત્રમાં વિહિત થયેલા છે. એ ધ્યાનોનો આશ્રય લઈ
સર્વના હિતચિંતનરૂપ ધર્મશક્તિને પ્રગટાવી શકાય છે.
નિશ્ચયનયે સહજમલ વગેરે સર્વ પરભાવોથી
નિવૃત્ત હોવાથી 'નિવૃત્તિસ્થોઽપિ ।' કહી શકાય.

સહજમલ અને તથાભવ્યત્વ અનાદિકાળથી છે.

સહજમલ is natural.

તથાભવ્યત્વ is cultural.

નિગોદ is natural. સિદ્ધત્વ is cultural.

Potential સિદ્ધત્વ પૂરું પ્રગટ કરવા માટે

intense culture માંગે છે.

'નમો'થી સહજમલ દબાય તથા ભવ્યત્વભાવને નમાય છે.

'નિશ્ચયથી ભવ્યત્વ સર્વ ભવ્યોને એકસરખું જ છે'

એ વિચાર સાધર્મિક મૈત્રિ સમતા લાવે છે.

'વ્યવહારથી સહજમલનું પોતાને બંધન છે'

એ વિચાર નમસ્કાર લાવે છે.

નમસ્કાર સાધર્મિકભાવને ખેંચી લાવે છે, તેનું કારણ

તે સહજમલને દબાવી ભવ્યત્વભાવને આગળ કરે છે,

તેથી આત્માનો ભવ્યત્વભાવ પુષ્ટ થાય છે.

સંજ્ઞી પંચેન્દ્રિય - પર્યાપ્ત જીવને

અનંત પુણ્યરાશિથી મળેલ મનનું અંતિમ ફળ 'નમન' છે.

Deep within each heart is light.

સહજમલ આ પ્રકાશના પ્રાગટ્યને રોકે છે, તેથી તે ત્રિભુવનના સર્વ જીવોનો ભિતરશત્રુ છે. આ તીર્થંકર પરમાત્મા સર્વ જીવોના આ એકમાત્ર શત્રુને હણી નાંખવાના માર્ગને પ્રકાશે છે, તેથી નમસ્કાર મહામંત્રના પ્રથમ પદના સ્મરણથી સહજમલને આઘાત પહોંચે છે. પ્રથમ પદ એ સહજમલના હ્રાસનો અમોઘ ઉપાય છે, તેમ ભવ્યત્વ પરિપાકનો પણ સર્વશ્રેષ્ઠ ઉપાય છે. તથાભવ્યત્વ પરિપાકાર્થે intense culture જરૂરી છે. સહજમલનું દબાણ કેટલું છે અને ભવ્યત્વના પરિપાકની આગત્ય કેટલી છે, એ ચતુઃશરણ આદિની સાધના વડે જ સમજાય છે અને એ પછી અહંકાર ભાવનાં વેરવિખેર અંશો ઓગાળીને પ્રમાદભાવ ઉપર અંકુશ આવી જાય છે.

ચતુઃશરણગમનાદિ દ્વારા થતી શુદ્ધિથી સાધકનો નમસ્કારભાવ પુષ્ટ થાય છે, કૃતજ્ઞતાભાવ વધે છે, પરોપકારવૃત્તિ જાગે છે, નિરાશાભાવનો નાશ થાય છે.

સમર્પિતભાવ સહજ છે - સરલ છે,
છતાં સર્વભાવ માટે આપણે આવરણરૂપ બની જાય છે,
તેમાં કારણ સહજમલ છે, જેના નાશનો પ્રયત્ન સાધ્ય છે.
પ્રયત્ન = પરમતત્ત્વની સન્મુખતા તથા સર્વ સમર્પણભાવ.
આ સમર્પણભાવ કેળવવાની પાછળ શું રહસ્ય છે, તે
સહજમલ અને તથાભવ્યત્વના વિચારથી સ્પષ્ટ થાય છે.
આત્મનિરીક્ષણની શક્તિ વડે
અનાદિ સહજમલનું જોર ઓછું થાય છે અને
તેની સાથે તથાભવ્યત્વના પરિપાકના બળે
અધ્યાત્મ જીવનના દિવ્ય તત્ત્વોને સ્થાપી શકાય છે.
આ કાર્ય ધારવા જેટલું અઘરું કે કષ્ટદાયક નથી.
થોડાં વખતના જ અભ્યાસથી તે
સહેલું, મનોરંજક અને ફાયદાકારક બની જાય છે.
આત્મનિરીક્ષણના અભ્યાસથી પોતાનામાં રહેલ દીનતા
ઓછી થાય છે, ત્યારે તેને સ્થાને પ્રેમ, શ્રદ્ધા, પવિત્રતા,
પ્રશાંતતા, વિશાળતાદિ ગુણોનું સ્થાપન કરવાની વૃત્તિ જાગે.

દુર્ગુણોનો નિષેધ કરી સદ્ગુણોને ગ્રહણ કરવા આપણું
મન તૈયાર થાય, તે જ તથાભવ્યત્વનો પરિપાક છે.

સામાન્ય માનવની દૃષ્ટિ ભેદભાવ વગરની હોતી નથી.
તે પૂર્વગ્રહથી દૂષિત, મારા - તારામાં અટવાયેલી રહે છે.
સ્વચ્છંદને આધીન જીવ હંમેશાં બીજાના દોષ અને
પોતાના ગુણ જુએ છે, જ્યારે તથાભવ્યત્વનો પરિપાક
પોતાના દોષ અને બીજાના ગુણ જુએ છે.

બીજાના ગુણ જોવા = નમસ્કાર, તથાભવ્યત્વનો પરિપાક.
બીજાના દોષ જોવા = અહંકાર, સ્વચ્છંદનો પરિપાક.

અહંકારભાવમાં misuse થતી
Soul energy નમસ્કારભાવમાં સાર્થક થાય છે,
તેથી સ્વચ્છંદ ઘટી ભવ્યત્વ પામે છે.

સ્વચ્છંદ અહંકારભાવ, અજ્ઞાન, મિથ્યાત્વનું મૂળ છે.
સ્વચ્છંદથી કર્મનો સંબંધ છે અને ભવનું ભ્રમણ છે.
સ્વચ્છંદ circle છે, ભવ્યત્વ spiral છે.
એક self - centred, બીજું all - centred છે.

ધર્મ ક્રિયા સાધક જ્યારે પોતા માટે external space
અને infinite timeનું સુખ ભોગવવા ઇચ્છે છે,
ત્યારે સંજ્ઞાનના જોરે તે તીવ્ર આર્તરૌદ્રમાં ફસાય છે.
સંજ્ઞાનના કારણે આર્તરૌદ્રધ્યાન સહજ છે, જ્યારે
ધર્મધ્યાન - શુક્લધ્યાન પ્રયત્નપૂર્વક છે.
આર્તરૌદ્રના પાયામાં સ્વ-સંજ્ઞાન છે, જ્યારે
ધર્મશુક્લના પાયામાં સર્વ-ભવ્યત્વ છે.
નવકારના જાપથી અનાદિ કર્મના સંબંધ તૂટે.
નવકાર વિનાનું મન અનાદિ સંજ્ઞાનના કારણે
સ્વવિષયક મમતાભાવથી ભરેલું છે,
તેથી આર્તરૌદ્ર રૂપી અશુભ ધ્યાન કર્યા જ કરે છે.
તેમાંથી આપણા મનને છોડાવવા માટે
સર્વવિષયક સમતાભાવ પેદા કરવો જોઇએ તથા
સમતાભાવ પેદા કરવા નમ્રતાભાવ કેળવવો જોઇએ.
નમસ્કાર મંત્રને સકલ આગમમાં પ્રથમ સ્થાન આપ્યું છે.
ચૂલિકા સહિત તેને 'મહાશ્રુતસ્કંધ' પણ કહ્યું છે.

નમસ્કારને પ્રથમ સ્થાન એટલા માટે કે તેમાં
ભવ્યત્વ પરિપાક માટે ત્રણે સાધનો ગુંથી લેવામાં આવ્યાં છે.

નમસ્કાર વડે અનાદિ કર્મના સંબંધમાં આવવાની યોગ્યતારૂપ સહજમલ ઘટાડવાને માટે જરૂરી અભ્યાસ સઘળી ય સામગ્રીનું સેવન એકસાથે જ થઈ જાય છે.

સહજમલનો હ્રાસ અને તથાભવ્યત્વનો વિકાસ કેમ?

'નમો' મંત્ર વડે સહજમલનો હ્રાસ થાય અને
તથાભવ્યત્વનો વિકાસ થાય છે.

સહજમલનો હ્રાસ અસદ્આલંબનોનો ત્યાગ માંગે છે, ભવ્યત્વનો વિકાસ સદ્આલંબનોનો સ્વીકાર માંગે છે. અસદ્આલંબનોના ત્યાગ સિવાય સદ્આલંબનોનું સેવન કોઈ રીતે ગુણસ્થાનકની વૃદ્ધિ કરાવી શકતાં નથી. એ પ્રમાણે સદ્આલંબનોના સ્વીકાર વિના જ કેવળ અસદ્આલંબનોનો ત્યાગ પણ સ્વકાર્યકારી થઈ શકતો નથી. અભ્યાસ અને વૈરાગ્ય કે જ્ઞાન અને ક્રિયા ઉભયની એમ અસત્નો ત્યાગ અને સત્નો સ્વીકાર સાથે જ જરૂરી છે.

## સહજમલ ઘટવાનાં ૩ કારણો

दुःखितेषु दयाऽत्यन्तं अद्वेषो गुणवत्सु च ।
औचित्यासेवनं चैव सर्वत्रैवाऽविशेषतः ॥ અર્થઃ
દુઃખી પ્રત્યે અત્યંત દયા, ગુણવાન પ્રત્યે અદ્વેષ અને
સર્વ જીવો પ્રત્યે સમાનપણે ઔચિત્યનું સેવન કરવું.

પુદ્‌ગલો ગ્રાહ્ય સ્વભાવવાળા છે, જ્યારે
આત્મા સહજમલના કારણે ગ્રાહક સ્વભાવવાળો છે.

જો કર્મના સ્વભાવમાં પુદ્‌ગલગ્રાહકતા ના હોય,
તો કર્મનો સંબંધ ઘટે નહીં અને
જો તથાભવ્યત્વનું વૈચિત્ર્ય ન હોય,
તો તીર્થસિદ્ધા - અતીર્થસિદ્ધાદિ ભેદો પડે નહીં.
એ રીતે ભવ અને ભવવિગમમાં
કારણભૂત તરીકે પરિણામી આત્મા વાસ્તવ કર્મ અને
તથાભવ્યત્વાદિની વિચિત્રતા માનવા જોઈએ.
બંધહેતુ જીવનો સહજમલ છે અને
મુક્તિહેતુ જીવનું વિચિત્ર તથાભવ્યત્વ છે.

સ્વાર્થનો વિચાર દુષ્કૃતરૂપ હોવાથી તેની નિંદા
સત્ત્વમલનો હ્રાસ કરે છે અને
પરમાર્થનો વિચાર સુકૃતરૂપ હોવાથી તેની અનુમોદના
તથાભવ્યત્વ ભાવનો વિકાસ કરે છે.

દુષ્કૃત = સ્વાર્થનો વિચાર, સુકૃત = પરમાર્થનો વિચાર.
સુકૃત કે દુષ્કૃતને વાણી - વર્તનમાં લાવનાર વિચાર છે, તેથી વિચાર એ જ છેવટે સુકૃત અને દુષ્કૃતનું મૂળ છે.

સત્ત્વમલની અપેક્ષાએ સંસાર પણ હેય છે, કિન્તુ કર્મોના ઉદયથી પ્રાપ્ત થયેલ શરીર - સ્વજન આદિની અપેક્ષાએ હેય નહિ, કેમકે તે સંયોગો સત્ત્વમલનો નાશ કરવામાં સહાયક થઈ શકે છે. પૂર્વબદ્ધ કર્મના ઉદયથી મળતાં શુભાશુભ બનાવો પણ જો હેય માનવામાં આવે, તો તે આર્તધ્યાન - રૌદ્રધ્યાનનું કારણ બને. કથંચિત ઉપાદેય માનવામાં આવે, તો ધર્મ - શુક્લનું કારણ બને.

પંચ પરમેષ્ઠિના શરણાગમનની ક્રિયા
ભવની પરંપરાના હેતુરૂપ સત્ત્વમલનો નાશ કરે છે,

અરિહંત, સિદ્ધ, સાધુ તથા ધર્મ - એ ચારને શરણે જવું તે જ મહાકષ્ટોથી બચવાનો મોટામાં મોટો ઉપાય છે. ચારની શરણાગતિથી દુઃખપરંપરક સંસાર જાય અને બીજું સાધન તથાભવ્યત્વનો પરિપાક - સહજમળનો હ્રાસ છે.

સહજમળનો સ્વભાવ

પરના કર્મના સંબંધમાં આવવાની યોગ્યતારૂપ છે.

તે યોગ્યતાનો હ્રાસ

ધર્મના સંબંધમાં આવવાની યોગ્યતા વિકસાવવાથી થાય છે.

નવકારના પ્રથમ પાંચ પદરૂપી મૂળમંત્ર

તે યોગ્યતાને વિકસાવે છે, તેથી પરમેષ્ઠિપદને પામેલા સત્પુરુષોની સાથે અનુકૂળ સંબંધમાં આવવાનું થાય છે.

અનુકૂળ સંબંધ = કૃતજ્ઞતા. પ્રતિકૂળ સંબંધ = કૃતઘ્નતા.

પ્રથમ પાંચ પદો વડે કૃતજ્ઞતા ગુણના પાલનપૂર્વક થતો અનુકૂળ સંબંધ પર એવા અશુભ કર્મ અને તેના આલંબનભૂત અયોગ્ય દ્રવ્ય - ક્ષેત્ર - કાળ - ભાવનાં સંબંધમાં આવવાની જીવની અનાદિકાલીન યોગ્યતા ટાળે છે.

મુક્તિ પામવા અથવા પાપનાશ કરવા માટે પાંચ ખાસ
કારણોનો સમવાય યા પાંચ અનુકૂળ સંયોગ જોઈએ,
તે પાંચ કારણો અનુક્રમે નીચે મુજબ છે:
(૧) સ્વભાવ (તથાભવ્યત્વ) (૨) કાળ
(૩) નિયતિ (ભવિતવ્યતા) (૪) કર્મ - પુણ્યકર્મ (૫) પુરુષાર્થ.

કર્મના અનુબંધ એટલે...

પોતાના ઉદય વખતે કર્મમાં રહેલી જે
નવા કર્મબંધની પરંપરા ચલાવવાની શક્તિ છે તે.
દુષ્કૃતગર્હા વડે પાપકર્મનો વિગમ થાય છે,
સુકૃતાનુમોદન વડે શુદ્ધ ધર્મની પ્રાપ્તિ થાય છે અને
શરણાગમન વડે સાચો ભવ્યત્વનો પરિપાક થાય છે.
શુદ્ધ ધર્મથી દુઃખોચ્છેદ, દુષ્કૃતગર્હાથી પાપોચ્છેદ તથા
શરણાગમનથી ભવભ્રમણની શક્તિનો ઉચ્છેદ થાય છે.
આમ સહજમળનો હ્રાસ થાય છે, તેથી
સાધક ભવભીરુ ભટકતો અટકી ભવાભિનંદી મટીને
સત્યાનુભવ પામી ભવભય ટાળી મોક્ષ પામે છે.

સહજમલને સ્વીકારવાથી સાચી ગર્હા થાય છે અને
ભવ્યત્વને સ્વીકારવાથી સાચી અનુમોદના થાય છે.

ભવ્યત્વભાવનાં પૂર્ણ વિકાસ વડે
સહજમલનો અવરોધ, ક્ષય ક્રમવાર શરૂ થાય છે.
સર્વ જીવોના હિતનો પરિણામ સંયમ ગુણઠાણે સર્વને
હોય પણ તેમાં મંદ, મધ્ય, તીવ્ર એમ વિચિત્રતા હોય,
મોક્ષ સામગ્રી પણ તદનુસાર જ મળે.
તેનું મૂળ તથાભવ્યત્વ સ્વભાવની
અનાદિ વિચિત્રતા - એ જ કારણ છે.

કેવી રીતે શરૂ થાય?

દુષ્કૃતગર્હા વડે સહજમલનો હ્રાસ,
સુકૃતાનુમોદન વડે તથાભવ્યત્વનો વિકાસ અને
શરણાગમનાદિ વડે તદુભય સધાય છે, કેમકે ચારેનું
શરણ ગ્રહણ કરાય છે, તેથી તદુભયના ઉપાય છે.
કાયોત્સર્ગના જે ૮ નિમિત્ત અને ૧૨ હેતુ છે,
તે સર્વ દ્વારા તથાભવ્યત્વનો વિકાસ થાય છે.

## પંચપરમેષ્ઠિની આત્મા - મંગળરૂપ છે.

અરિહંતાદિ પાંચેની આત્માને નમસ્કાર અથવા પોતાના આત્માના જ તે ભાવિ પર્યાયોને નમસ્કાર સહજમલરૂપ પાપનો નાશ કરે છે અને તથાભવ્યત્વરૂપ સ્વભાવનો વિકાસ કરવા રૂપ ઉત્કૃષ્ટ મંગળનો લાભ કરે છે.

સહજમળ અને તથાભવ્યત્વના બળને કોણ વધારે?

નમવા યોગ્ય પરમેષ્ઠિઓને ન નમવું - ન નમવા યોગ્ય વિષય - કષાયોને નમવું, તે સહજમળના બળને વધારે.

નમનીયને નમવું - અનમનીયને ન નમવું,
તે તથાભવ્યત્વ ભાવનાં બળને વિકસાવે છે.

નમસ્કારના ભાવથી ઉભયની શુદ્ધિ થાય છે,
તેથી સહજમલનો હ્રાસ અને કૃતજ્ઞતા - નમ્રતાદિ વડે સહજ યોગ્યતા તથા ભવ્યત્વભાવનો વિકાસ થાય છે.
અનુગ્રહ પછી ઉત્પન્ન થાય, તે અનુરાગ. આમ અનુગ્રહ અને અનુરાગ બંને મળીને નમસ્કાર પદાર્થ બને છે,
તેથી સહજમલનો હ્રાસ + ભવ્યત્વભાવનો વિકાસ થાય.

'અધર્મ ભેદ અને ધર્મ ઉચ્છેદ છે' તેનો અર્થ છે કે:

મન - વચન - કાયાની શુભ ક્રિયા ઉચ્છેદ છે અને
મન - વચન - કાયાની અશુભ ક્રિયા ભેદ છે.

શુભ ક્રિયાનું કારણ શુભ પરિણામ છે, જેનું કારણ
શુભધ્યાન અને જેનું કારણ સુસ્થિત મહારાજા છે.
તેઓ જિનના અટલ સ્વભાવે જ શુદ્ધિ કરી રહ્યાં છે
તથા આત્માને નિર્મળ બનાવી રહ્યાં છે.

જિનના પ્રશસ્ત આલંબન તરફ ભવ્યત્વ સ્વભાવના
પરિપાકથી જીવ ખેંચાય પણ અટલમલ તેને રોકે છે.
અપ્રશસ્ત રૂપરસાદિ તરફ ખેંચાણનું કારણ અટલમલ છે,
જો તેનો સંગ છોડી જીવ પરમાત્માલંબન સ્વીકારે,
તો જ તેનો ભવ્યત્વ સ્વભાવ પરિપાકને પામી શકે,
એ જ મનુષ્યોના જન્મનો વિષય છે.

સાચો ધર્મ એ જ છે કે:

અશુભ આલંબનો ઓછાં કરી શુભ આલંબનો વધારવા
માટે સતત પ્રયત્નશીલ રહીને ઈશ્વરની દયા યાચવી.

સ્યાદ્વાદ સિદ્ધાન્તનું મર્મ રહસ્ય છે કે:

ભવ્યત્વભાવનાં વિકાસ માટે નિમિત્તને મુખ્ય બનાવવું જોઈએ અને સહજમલના હ્રાસ માટે ઉપાદાન કારણની મુખ્યતા સ્વીકારવી જોઈએ.

વિષયોના દર્શન, સ્પર્શ, સેવનાદિથી સહજમલ અર્થાત્ કર્મબંધની વૃદ્ધિ અને સુસ્થિત મહારાજના દર્શન-સેવનાદિથી ઉપાદાનમાં યોગ્યતા - આત્મબળ વધે છે.

પરમેષ્ઠિ નમનથી ૯ પ્રકારના પુણ્યની પ્રાપ્તિ થાય છે.

પુણ્યની વૃદ્ધિ તથા પાપક્ષય વડે તથાભવ્યત્વભાવનો વિકાસ થાય છે અને સહજમલનો હ્રાસ થાય છે, તેથી બાહ્ય બધા નિમિત્તે થતાં ભાવથી બચી શકાય અને તેમના ભાવમાં નિમિત્ત બનતાં બચી જવાથી અષ્ટકર્મનો ક્ષય અને નવ ચતુષ્ટયની પ્રાપ્તિ થાય છે.

દુષ્કૃતગર્હા ત્રણ કરણ - ત્રણ યોગ વડે, સુકૃતાનુમોદના સાત ધાતુ - દશ પ્રાણ વડે અને શરણાગમન ૩।। ક્રોડ રોમ અને અસંખ્ય પ્રદેશ વડે કરવું જોઈએ.

Most Important

એવા સમજનું નામ 'સમ્યગ્દર્શન' છે કે:

'સહજમલ અશુભના સંબંધમાં આવવાની પોતાની જ યોગ્યતારૂપ છે, તેથી જે કાંઈ અશુભ બને છે અને તેમાં જે કોઈ નિમિત્તરૂપ બને છે, તે બધાનું કારણ પોતાનો સહજમલ છે, તેથી પાપ અને તેનાં ફળરૂપ દુઃખમાં જવાબદાર બીજો કોઈ નહીં પણ પોતે જ છે.'

સ્વદોષદર્શન અને તેની વારંવાર

નિંદા - ગર્હાદિથી જ સહજમલ દૂર થઈ શકે છે.

પ્રતિપક્ષમાં જે કાંઈ સારું બને છે અને જે કાંઈ ભલું બને છે, તેમાં જે કોઈ નિમિત્ત થાય છે, તેમાં પ્રધાનતા તે તે નિમિત્તોની જ છે.

ભવ્યત્વ સ્વભાવ પોતાનો જ હોવા છતાં તેનો પરિપાક કરવાનું સામર્થ્ય તે તે નિમિત્તોમાં રહેલું છે. ઉપાદાનમાં વિશિષ્ટ આધાન નિમિત્ત વિના અશક્ય છે, તેથી શુભમાં પ્રધાનતા તે તે નિમિત્તોની છે અને અશુભમાં પ્રધાનતા જીવના પોતાના ઉપાદાનની છે.

## દોષમાં કારણ સહજમલ છે.

સહજમલ રૂપી સહજ યોગ્યતાથી જ જીવ અશુભના સંબંધમાં આવે છે, તેથી ત્યાં નિમિત્તોની ગૌણતા છે. દોષના દર્શનમાં ઉપાદાનને ગ્રહણ કરવાનું છે, જ્યારે ગુણની પ્રાપ્તિમાં નિમિત્તોની મુખ્યતા ગણવાની છે

અને જો એમ બને, તો જ

આથી દુષ્કૃતગર્હા અને આથી સુકૃતાનુમોદના દ્વારા જીવનો સહજમલ ઘટે અને તથાભવ્યત્વ વિકસે છે. જે એમ માને કે: તથાભવ્યત્વ મુક્તિગમન યોગ્યતા રૂપ હોવાથી તે યોગ્યતાને પ્રકટાવનાર નિમિત્તો

તીર્થરૂપ બનીને જીવનો ભવનિસ્તાર કરે છે,

તે જીવ ભાવથી ચતુઃશરણનો અંગીકાર કરી શકે છે.

## અષ્ટપ્રકારી પૂજામાં અપૂર્વકરણ = ૮મું ગુણઠાણું:

જ્ઞાનસ્વરૂપ આત્મા - કળશમાં સમતારૂપી જલ ભરીને પરમાત્માના ચરણકમળોમાં અભિષેકથી સહજમલનું આવરણ જાય છે અને આત્મા પવિત્ર બને છે.

'ભવ્યત્વ' અને 'તથાભવ્યત્વ'માં શું ફેર ?

'ભવ્યત્વ' એટલે સર્વગત મુક્તિગમનની યોગ્યતા અને 'તથાભવ્યત્વ' એટલે વ્યક્તિગત મુક્તિગમન યોગ્યતા.

તથાભવ્યત્વ = વિચિત્ર અથવા ખાસ પ્રકારનું ભવ્યત્વ.

ચૈત્યાદિ ભાવો પંચપરમેષ્ઠિમાં પરાકાષ્ઠાએ પહોંચેલા છે, તેથી તેનું બહુમાન પાપનાશક અને પુણ્ય ઉત્પાદક છે. પુણ્યથી ભવ્યત્વપરિપાક અને સહજમલનો હ્રાસ થાય, તે વડે સ્વપર હિત સધાય છે, તેના પરિણામે આઠ કર્મક્ષય થાય છે અને અનંત ચતુષ્ટયનો લાભ થાય છે.

પુનઃ અકર્તવ્યબુદ્ધિ થતી પોતાની દુષ્કૃતગર્હા એ સાચી અને ભાવપૂર્વકની ગર્હા ગણાય.

દુષ્કૃતગર્હા મલ વિસર્જનની જેમ થવી જોઈએ. મલ વિસર્જન થયાં પછી તેનું સ્મરણ સુદ્ધાં રહેતું નથી. 'દુષ્કૃત એ આત્માનો મલ છે અને તે ત્યાજ્ય જ છે' એવી બુદ્ધિ થતી ગર્હા એ સુકૃત હોવાથી જીવને સંતોષનું અને ભાવિ સુખનું કારણ છે.

## સહજમલ સ્વરૂપ

चतुर्थमेतत्प्रायेण, ज्ञेयमस्य महात्मनः ।
सहजाल्पमलत्वं तु, युक्तिरत्र पुरोदिता ॥ २६२ ॥

<u>टीका</u>: चतुर्थं तुरीयम् एतदनुष्ठानं तद्धेतुनामकं xxx सहजो जीव-समानकाल-भावित्वेनाल्पस्तुच्छो मलो वक्ष्यमाणरूपो, अथ मलमेवाधिकृत्याह ।

सहजं तु मलं विद्यात् कर्मसम्बन्धयोग्यताम् ।
आत्मनोऽनादिमत्त्वेऽपि नायमेनां विना यतः ॥ २६३ ॥

<u>टीका</u> - कर्मसम्बन्धयोग्यता ज्ञानावरणादिकर्मसंश्लेष निमित्तभावम् जीवस्य, नैव अयं बन्धः, एनां योग्यतां जीवस्य विना अन्तरेण, यस्मात् बन्धश्च प्रवाहापेक्षयैवानादिमान् । ततो न जीवयोग्यतामन्तरेणायं उपपद्यते, अन्यथाऽनेकदोषप्रसंगात् । - योगबिन्दु, श्लो० २६२-३

<u>સહજમલ પારિણામિક ભાવે</u> છે. - <u>શ્લોક ૨૯૮ની ટીકા</u>

"एवं च सांसिद्धिके मले सर्वजीवानां परिणामि-कारणे सति" - શ્લોક ૨૯૩-૯૪માં પણ આ વાત છે.

तथाभव्यत्व - परिपाकोपाय

एयस्स णं वुच्छित्ती सुद्धधम्माओ,
सुद्धधम्मसंपत्ती पावकम्मविगमाओ, पावकम्मविगमो-
टीका - 'एतस्य' भवस्य, 'व्यवच्छित्ति' व्युच्छित्तिः
'शुद्धधर्मात्' ज्ञानदर्शनचारित्ररूपात्,
औचित्येन सातत्येसत्कारविधिसेवितात्।
अयं च श्रावकादेरप्यभिग्रहपालनेन ज्ञेयः।
अभिग्रहभावस्य सातत्येन भावादिति शुद्धधर्मसंप्राप्तिः।
कुतः? इत्याह शुद्धधर्मो यथोदितः तस्य सम्यक्प्राप्तिः,
भावप्राप्तिरित्यर्थः।

तहाभव्वत्ताइभावाओ। तस्स पुण विवागसाहणाणि,
टीका : 'तथाभव्यत्वादिभावात्' भव्यत्वं नाम
'सिद्धिगमनयोग्यत्व' - मनादिपारिणामिको भावः।
तथाभव्यत्वमिति विशिष्टमेतत्,
कालादि - भेदेनात्मनां बीजसिद्ध्यादि - भावात्।
आदि शब्दात् कालनियतिकर्मपुरुषकारपरिग्रहः।

साधकत्वादिकल्पत्वात् । तथाभव्यत्वस्य
विपाकसाधनान्याह - — શ્રી પંચસૂત્ર, પૃષ્ઠ ૨

'तथाभव्यत्वाक्षिप्ता हिताहितनिमित्तता
जीवानां प्रयोजनम् ।' આ પંક્તિ રહસ્યભૂત, માર્મિક
અને ગંભીર વિચારણાને યોગ્ય છે.

ઉપદેશપદમાં તથાભવ્યત્વની સંકલના

'भव्यादीनामपि आविर्भावकारणं कल्याणमित्रयोगः, कल्याणमित्रयोगकारणं च अनघ (पुण्यानुबन्धि) कर्म परिणामः, अनघपरिणामकारणं च तथाभव्यत्वं, सिद्धि-गमनयोग्यत्वं - भव्यत्वं, तदेव द्रव्यक्षेत्रादि भेदेन विचित्रं, जीवानां बीजाधानहेतुः तथाभव्यत्वं। अनन्तर - परम्परादि - भेदफलहेतुः जीववीर्योल्लासरूपश्चरम-पुद्गलपरावर्तवश-समुन्मीलित-पुरुषकारः, तेन युतम्।

'कल्याणमित्रयोगः सर्वानुचितनिरोधेन
उचितप्रवृत्ति - असाधारणकारणम् ।'

ભવીનું પ્રયોજન — તત્ત્વાર્થ અ૦ ૫, સૂ૦ હારિભદ્રટીકા

## 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર' ગ્રંથોના પ્રતિભાવમાં ક્રમશઃ આવેલ થોડાં પત્રોની અંશોક્તિઃ

**પ.પૂ. મુનિવર્યશ્રી દિવ્યપદ્મવિજયજી મહારાજ સાહેબઃ** આ કાર્યની અનુમોદના ક્યા શબ્દોમાં કરવી, તે જ સમજ નથી પડતી! આ ગ્રંથશ્રેણી થકી પૂજ્ય પંન્યાસજી ભગવંતના વિચારો જૈનોના ઘર ઘરમાં પહોંચવા સમર્થ બન્યાં, તેની અંતરના ય અંતરથી અનુમોદના... અનુમોદના... અનુમોદના. - દિવ્યપદ્મની ધર્મલાભ

**પ.પૂ. મુનિવર્યશ્રી મોક્ષતિલકવિજયજી મહારાજ સાહેબઃ** પૂજ્યપાદ્ અધ્યાત્મયોગી પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી મહારાજનો અક્ષરદેહ આજે વિશ્વવ્યાપી બની રહ્યો છે, એ જોઈ થયેલ આનંદને ક્યા શબ્દે વર્ણવું? ભાવાવેશમાં રત્નોનો હાર પહેરાવી રહ્યો છું. 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર' ખરેખર અ-ક્ષય છે. જે કોઈ આ રસથાળ આરોગશે, તે ન્યાલ ન્યાલ થઈ જશે. - મુનિ. મોક્ષતિલક વિ.

**પ.પૂ. સાધ્વીજી ચંદનબાલાશ્રીજી મહારાજ સાહેબઃ** એક પછી એક ભાગ ત્વરિત ગતિએ પ્રકાશિત થઈ રહ્યાં છે. પૂજ્યશ્રીના અમૃત સમા આ વચનો જિજ્ઞાસુઓ માટે ઉત્તમ સ્વાધ્યાયનું આલંબન પૂરૂં પાડી રહ્યાં છે. પુસ્તકો વ્યવસ્થિત કવરમાં - થેલીમાં પેક કરીને સમયસર વિતરણ કરવામાં આવે છે, એટલે પુસ્તકને કુરિયર સર્વિસમાં જરા પણ આંચ આવતી નથી. સુઘડ સ્વરૂપે જ પુસ્તક હાથમાં પ્રાપ્ત થાય છે. જીવનનું એક અમૂલ્ય નજરાણું ભેટ મળી રહ્યું છે. આ કાર્યની અનુમોદના - ઉપબૃંહણા માટે શબ્દો વામણાં પૂરવાર થાય છે. આ ઉત્તમ કાર્ય આગળ અને આગળ વધતું જ રહે, એ જ શુભેચ્છા સહ ધર્મલાભ. - સા. ચંદનબાલાશ્રીની વંદના

**પ.પૂ. સાધ્વીજી નંદીયશાશ્રીજી મહારાજ સાહેબઃ** હસ્તાક્ષરના ૨૩ ભાગ મળ્યાં છે, અદ્ભૂત છે! આ ગ્રંથશ્રેણીમાંથી તો દરેક સંઘમાં વાચના શિબિરો કરવા જેવી છે. જીવન જીવવાની તથા પરમ કલ્યાણની - બંને માર્ગની ચક્રવર્તી ચાવી મેળવવા આ સર્વે અધ્યાત્મ ગ્રંથોમાંથી પસાર થવું જ રહ્યું. મારૂં આરોગ્ય હાલમાં બહુ સારૂં રહેતું ન હોવાના કારણે હું બીજું કાંઈ ખાસ વાંચી શકતી નથી, પરંતુ 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'ના

ગ્રંથો વાંચું અને મને થાય કે મારી સાધનાની કડી બરકરાર જ છે તથા આત્મા સાથેનું મારૂં જોડાણ યથાવત્ જ છે! કાર્યની હાર્દિક અનુમોદના.

- નંદીયશશ્રી

**પ.પૂ. સાધ્વીજી કીર્તિપૂર્ણાશ્રીજી મહારાજ સાહેબઃ** હસ્તાક્ષરના કાર્ય થકી સાહેબજીના જીવન-કવનને જગત સમક્ષ મૂક્યું, નહીંતર આવા કોઈ અધ્યાત્મપુરૂષ હતાં, તે હવે પછીનું જગત ખરેખર કેમ જાણત? આપણને તો સાહેબજી પ્રત્યક્ષ જોવા-જાણવા-માણવા મળ્યાં. હવે આ ગ્રંથો દ્વારા જગત સમક્ષ બધું વહેતું મૂક્યું, તે અનુમોદનીય કાર્ય કર્યું છે. સી.કે.મહેતાએ પોતાની સંપત્તિનો આવી રીતે સદુપયોગ કર્યો, તેમને પણ ધન્યવાદ છે. પૂજ્ય પંન્યાસજી મહારાજની અનરાધાર કૃપા વરસી રહી છે, જેથી આવું સુંદર મહાન કાર્ય કરી રહ્યા છો. પૂજ્ય પંન્યાસજી મહારાજના હસ્તાક્ષરના અક્ષયપાત્રો દ્વારા પ્રસિદ્ધ ગુરૂદેવને આજના યુવામાં વિશેષ પ્રસિદ્ધ કરીને આપ આસન્ન મોક્ષગામી બનવાના સહભાગી બન્યા. શાસનના કાર્યમાં સદા કાર્યરત રહો એ અંતરના આશીષ.

- સા. કીર્તિપૂર્ણાશ્રીજી મ.

**પ.પૂ. સાધ્વીજી નિર્વાણશ્રીજી મહારાજ સાહેબઃ** ઉર્જાના પૂંજ સમાન શબ્દદેહનો અપૂર્વ ખજાનો પુનર્જીવીત કરીને તે ઉર્જાના ભંડારને ગ્રંથરૂપે પરિણમાવી કૃતકૃત્ય થઈ રહ્યાં છો. એવું લાગે છે કે આ કાર્ય દ્વારા ગુરૂમહારાજ સમ્યગ્દર્શનના રત્નનું અમૂલ્ય ભેટણું જાણે ન આપતાં હોય! આવા મહાન પરોપકારના ભગીરથ કાર્યની હર્ષાશ્રુ...પૂર્વક અનુમોદના થાય છે. આ શબ્દદેહની જીવંતતાને જાળવવાનો પ્રયાસ આપણને સૌને નિકટમાં પરમ પદ અપાવે, એ જ પ્રભુને પ્રાર્થના.

- સા. નિર્વાણશ્રીના ધર્મલાભ.

**પ.પૂ. સાધ્વીજી પ્રિયધર્માશ્રીજી મહારાજ સાહેબઃ** પૂજ્યશ્રીની હસ્તલિખિત ડાયરીઓના લખાણને મુદ્રિત કરીને તેમનું ચિંતન લોકભોગ્ય બનાવી અનેક ભવ્યાત્માને પરમપદનું પાથેય સાંપડે, તેવું આ કાર્ય અતિ અનુમોદનીય છે. કોરોનાના હિસાબે અવર-જવર ઓછી હોવાના કારણે અમોને સમય સારો એવો મળી રહે છે, એટલે અમારો સ્વાધ્યાય સુંદર રીતે થઈ રહ્યો છે. ધન્યવાદ.

- સા. પ્રિયધર્માશ્રીજી

## ચરમ તીર્થંકર પ્રભુ મહાવીરનું સમોવસરણ



અનાદિ સહજમલ ઘટવાનું કારણ પંચપરમેષ્ઠિ છે, તેમાં પણ મુખ્ય શ્રી સિદ્ધ ભગવંતોની સુસ્થિતતા છે. સમગ્ર સૃષ્ટિ જીવનાં તથાભવ્યત્વનાં વિકાસમાં પ્રતિપળ સહાય કરી રહી છે, તેથી કૃતજ્ઞ રહેવું.




પંચમહાભૂત અને કૃતજ્ઞતા

જેનાથી સર્વ કાંઈ શુભ મળ્યું છે, મળે છે અને મળવાનું છે, તેને યાદ કરવા અને તેમના પ્રત્યે નમ્રભાવ ધારણ કરવો, તેનું બીજું નામ કૃતજ્ઞતા ગુણ છે.

www.fiestadesigns.in